Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી I ❤ Gujarat ગુજરાત

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 41 | 28 March 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# કેનેડામાં ૩૩,૦૦૦ વિદેશી કામદારો માટે નવો TR to PR પાથવે શરૂ

## ઈમિગ્રેશનના નિયમોમાં ઐતિહાસિક ફેરફારો

કેનેડાના ઈમિગ્રેશન વિભાગે ૩૩,૦૦૦ વિદેશી કામદારોને કાયમી નિવાસી (PR) નો દરજ્જો આપવા માટેના 'વન-ટાઈમ મેઝર' (એક વખતની તક) પાથવેની શરૂઆત કરી દીધી છે. ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયબે ૬ માર્ચ, ૨૦૨૬ના રોજ 'ટોરોન્ટો સ્ટાર' ને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામ અત્યારે શાંતિપૂર્વક (quietly) લોન્ચ કરવામાં આવ્યો છે અને તેની વધુ વિગતો આગામી એપ્રિલ મહિનામાં જાહેર કરવામાં આવશે.

આ પ્રોગ્રામની જાહેરાત સૌપ્રથમ ગયા નવેમ્બરમાં ફેડરલ બજેટમાં કરવામાં આવી હતી અને ત્યારબાદ સરકારના વાર્ષિક ઈમિગ્રેશન લેવલ પ્લાનમાં તેની પુષ્ટિ કરવામાં આવી હતી. સરકારી વેબસાઈટ અનુસાર, આ પ્રક્રિયા આગામી બે વર્ષ સુધી ચાલશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કેનેડામાં 'ચોક્કસ ઈન-ડીમાન્ડ સેક્ટર્સ' (વધુ માંગ ધરાવતા ક્ષેત્રો) માં કામ કરતા કામચલાઉ વિદેશી કામદારોને આવરી લેવાનો છે, જેમાં ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. હાલમાં, આ પાથવે માટેની સચોટ પાત્રતા અથવા અરજી કેવી રીતે કરવી તેની સૂચનાઓ જાહેર કરવામાં આવી નથી. પરંતુ, અરજદારોને ભાષાની કસોટી (Language tests) અને શૈક્ષણિક પુરાવા જેવા દસ્તાવેજો અગાઉથી તૈયાર રાખવાની સલાહ આપવામાં આવી છે.

### કામચલાઉ નિવાસીઓની સંખ્યા ઘટાડવાના કડક પગલાં

આ નવો પાથવે એવા સમયે આવ્યો છે જ્યારે મોટી સંખ્યામાં કામચલાઉ નિવાસીઓ (TR) ના સ્ટેટસની મુદત પૂરી થઈ રહી છે. કેનેડામાં મોટાભાગના કામચલાઉ નિવાસીઓ વર્ક પરમિટ અથવા સ્ટડી પરમિટ પર હોય છે, જે ચોક્કસ મુદત માટે જ આપવામાં આવે છે. જો તેઓ એક્સટેન્શન માટે પાત્ર ન હોય, તો તેમને નિર્ધારિત સમય મર્યાદામાં કેનેડા છોડવું પડે છે.

જાન્યુઆરી ૨૦૨૪ થી, ફેડરલ સરકારે કામચલાઉ નિવાસીઓની સંખ્યા ઘટાડવા માટે આક્રમક વલણ અપનાવ્યું હતું સરકારનો લક્ષ્યાંક ૨૦૨૭ના અંત સુધીમાં આ સંખ્યા ઘટાડીને કુલ વસ્તીના ૫% થી ઓછી કરવાનો છે. આ ઘટાડો હાલના કામચલાઉ નિવાસીઓને કાયમી નિવાસી બનાવીને અથવા જેમની પરમિટ પૂરી થાય છે તેમને પરત મોકલીને કરવામાં આવશે.

### વસ્તી અને એડમિશનમાં મોટો ઘટાડો

આ તમામ પગલાંની અસર આંકડાઓમાં સ્પષ્ટ દેખાય છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અહેવાલ મુજબ, ૨૦૨૫માં કેનેડાની વસ્તી વૃદ્ધિ સ્થગિત થઈ અને ત્યારબાદ વસ્તીમાં ઘટાડો નોંધાયો. ૧૯૭૧ પછી (કોવિડના સમયને બાદ કરતાં) કેનેડાના ઈતિહાસમાં વસ્તીમાં આ પહેલો મોટો ઘટાડો છે.

૨૦૨૪ ની સરખામણીમાં ૨૦૨૫ માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના એડમિશનમાં ૬૦% નો ઘટાડો (૨,૯૩,૦૦૦ થી ઘટીને ૧,૧૫,૦૦૦) અને વિદેશી કામદારોના એડમિશનમાં ૪૭% નો ઘટાડો (૩,૯૩,૦૦૦ થી ઘટીને ૧,૮૪,૦૦૦) નોંધાયો છે.



### વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં લેવાયેલા મુખ્ય નિર્ણયોઃ

જાન્યુઆરી ૨૦૨૪: સ્ટડી પરમિટની અરજીઓ પર વાર્ષિક મર્યાદા (Cap) લાદવામાં આવી. તેમજ કરીક્યુલમ લાયસન્સિંગ એગ્રીમેન્ટ હેઠળ ભણતા વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) બંધ કરવામાં આવી.

સપ્ટેમ્બર ૨૦૨૪: ઉચ્ચ બેરોજગારી ધરાવતા વિસ્તારોમાં 'લો-વેજ સ્ટ્રીમ' હેઠળના લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA) પ્રોસેસિંગ પર પ્રતિબંધ (Moratorium) મૂકવામાં આવ્યો. સાથે જ, PGWP અને સ્પાઉસ ઓપન વર્ક પરમિટ (SOWP) આપવા પર મોટા પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા

ઓક્ટોબર ૨૦૨૪: કેનેડાના ઈતિહાસમાં પ્રથમ વખત 'ઈમિગ્રેશન લેવલ પ્લાન' માં કામચલાઉ નિવાસીઓ માટે લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવ્યા.

નવેમ્બર ૨૦૨૪: PGWP માટેની પાત્રતા માત્ર હેલ્થકેર અને સ્કિલ્ડ ટ્રેડ્સ જેવા ઈન-ડીમાન્ડ ક્ષેત્રો પૂરતી મર્યાદિત કરવામાં આવી (જોકે બેચલર, માસ્ટર અને ડોક્ટરલ પ્રોગ્રામના વિદ્યાર્થીઓને આમાંથી મુક્તિ અપાઈ). અરજદારો માટે લઘુત્તમ ભાષા પ્રાવીણ્ય (Language proficiency) ફરજિયાત કરવામાં આવ્યું.

જાન્યુઆરી ૨૦૨૫: આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના જીવનસાથીઓ માટેની વર્ક પરમિટ (SOWP) માત્ર ડોક્ટરલ, ૧૬ મહિનાથી વધુના માસ્ટર પ્રોગ્રામ અથવા એન્જિનિયરિંગ, નર્સિંગ, લો અને મેડિસિન જેવા પ્રોફેશનલ પ્રોગ્રામના વિદ્યાર્થીઓ પૂરતી સીમિત કરી દેવામાં આવી. વિદેશી કામદારોના જીવનસાથીઓ માટે પણ માત્ર હાઈ-સ્કિલ્ડ (TEER 0 & 1) અથવા ચોક્કસ ઈન-ડીમાન્ડ સેક્ટર્સ (TEER 2 & 3) ના કામદારોને જ આ લાભ મળશે તેવું નક્કી કરાયું.

**ટીઆર ટુ પી.આર માટેની કોઈપણ માહિતી માટે ગરવી ગુજરાત ન્યુઝ પેપરના રેફરન્સથી સંપર્ક કરશો તો માહિતી માટે કોઈ કન્સલ્ટિંગ ચાર્જ લેવામાં આવશે નહીં તો સંપર્ક કરો : ANB Immigration Services, Toronto Canada (905 230 4737) info@anbimmigration.com**

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**28 માર્ચ આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ | અ, લ, ઈ**
આ અઠવાડિયામાં અટકેલા કામોમાં ગતિ આવશે. નોકરી કરતા લોકો માટે નવા જવાબદારીભર્યા કાર્ય મળી શકે છે, જે ભવિષ્યમાં પ્રમોશન માટે મદદરૂપ બનશે. વેપારીઓ માટે નવા ગ્રાહકો જોડાવાના યોગ છે. પરિવારના વડીલોનું માર્ગદર્શન લાભદાયક રહેશે.

**વૃષભ રાશિ | બ, વ, ઉ**
આર્થિક સ્થિતિ મજબૂત બનશે. લાંબા સમયથી અટકેલા નાણાં પાછા મળવાની શક્યતા છે. દાંપત્ય જીવનમાં મધુરતા વધશે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રગતિ થશે. જમીન-મકાન સંબંધિત કાર્યમાં લાભ મળી શકે છે.

**મિથુન રાશિ | ક, છ, ઘ**
નવા સંપર્કો અને નવા વિચારો તમને આગળ વધવામાં મદદ કરશે. ઓફિસમાં સહકર્મીઓનો સહકાર મળશે. ખર્ચ વધવાની શક્યતા હોવાથી બજેટ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. પરિવાર સાથે સમય પસાર કરવાથી માનસિક શાંતિ મળશે.

**કર્ક રાશિ | ડ, હ**
આ અઠવાડિયામાં આત્મવિશ્વાસમાં વધારો થશે. અધિકારીઓ તરફથી પ્રશંસા મળી શકે છે. નવો વ્યવસાય શરૂ કરવા વિચારી રહ્યા હો તો સમય અનુકૂળ છે. ઘરેલુ વાતાવરણ સુખદ રહેશે. આરોગ્ય સામાન્ય રહેશે પરંતુ ઊંઘ પૂરતી લેવો.

**સિંહ રાશિ | મ, ટ**
કાર્યક્ષેત્રમાં થોડા પડકારો આવશે પરંતુ સમજદારીથી તેનો ઉકેલ આવશે. આર્થિક નિર્ણય વિચારીને લેવા જરૂરી છે. મિત્રોની મદદથી મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થશે. જીવનસાથી સાથે મતભેદ ટાળવા પ્રયાસ કરવો.

**કન્યા રાશિ | પ, ઠ, ણ**
વેપાર અને નોકરી બંનેમાં પ્રગતિના યોગ છે. નવી યોજના સફળ બનશે. પરિવાર સાથે આનંદમય સમય પસાર થશે. સ્વાસ્થ્ય સારું રહેશે પરંતુ ખોરાકમાં સાવચેતી રાખવી.

**તુલા રાશિ | ર, ત**
ભાગ્યનો સહયોગ મળશે. રોકાણ માટે અનુકૂળ સમય છે. નોકરીમાં સ્થાન પરિવર્તન અથવા નવી તક મળી શકે છે. દાંપત્ય જીવનમાં ખુશી રહેશે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે.

**વૃશ્ચિક રાશિ | ન, ય**
મહેનતનું સકારાત્મક પરિણામ મળશે. આવકમાં વધારો થશે પરંતુ ખર્ચ પણ વધે તેવી શક્યતા છે. માનસિક તણાવથી દૂર રહેવા ધ્યાન અને યોગ લાભદાયક રહેશે. પરિવારના સભ્યોનો સહકાર મળશે.

**ધન રાશિ | ભ, ધ, ફ, ઢ**
પ્રવાસના યોગ છે જે લાભદાયક સાબિત થશે. વિદ્યાર્થીઓ માટે સારો સમય છે. નોકરીમાં નવી તક મળી શકે છે. મિત્રો સાથે મુલાકાત આનંદદાયક રહેશે. ધર્મપ્રવૃત્તિમાં રસ વધશે.

**મકર રાશિ | ખ, જ**
કાર્યસ્થળે જવાબદારીઓ વધશે પરંતુ તેમાંથી લાભ મળશે. ધીરજ રાખશો તો પ્રગતિ થશે. પરિવારના મહત્વપૂર્ણ નિર્ણયોમાં તમારી ભૂમિકા રહેશે. આરોગ્ય બાબતે પેટ સંબંધિત સમસ્યાથી સાવચેત રહેવું.

**કુંભ રાશિ | ગ, સ, શ, ષ**
નાણાકીય લાભના યોગ મજબૂત છે. નવા કાર્યની શરૂઆત માટે સારો સમય છે. મિત્રોના સહકારથી અટકેલા કામ પૂર્ણ થશે. સમાજમાં પ્રતિષ્ઠા વધશે. ટેકનોલોજી અથવા નવી યોજના લાભદાયક બની શકે છે.

**મીન રાશિ | દ, ચ, ઝ, થ**
સર્જનાત્મક કાર્યમાં સફળતા મળશે. વ્યવસાયમાં નવા કરાર થઈ શકે છે. ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ વધશે. પરિવાર સાથે સુખદ સમય પસાર થશે. આરોગ્યમાં સુધારો જોવા મળશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# શ્રદ્ધા, ત્યાગ અને પુનર્જીવનનો પવિત્ર સંદેશ



માનવ જીવનમાં તહેવારો માત્ર ઉજવણીનો અવસર નથી, પરંતુ તે આપણને સંસ્કાર, શ્રદ્ધા અને માનવતાના ઊંડા મૂલ્યો શીખવાડે છે. 27 માર્ચ 2026 થી 3 એપ્રિલ 2026 વચ્ચે આવતાં ત્રણ મહત્ત્વપૂર્ણ તહેવારો – Good Friday (27 માર્ચ), Easter Monday (30 માર્ચ) અને રામ નવમી – આપણને જીવનના વિવિધ આધ્યાત્મિક પાસાઓ સમજાવે છે.

27 માર્ચે આવતો Good Friday ઈસુ ખ્રિસ્તના ત્યાગ, બલિદાન અને નિઃસ્વાર્થ પ્રેમની યાદ અપાવે છે. આ દિવસ શીખવે છે કે સાચી શ્રદ્ધા એ ત્યાગ અને ક્ષમાશીલતા માં વસે છે. ઈસુ પ્રભુ એ માનવજાત માટે પોતાના જીવનનું બલિદાન આપીને “પ્રેમ અને માફી”નો અમર સંદેશ આપ્યો હતો. આજના સ્પર્ધાત્મક સમયમાં, આ સંદેશ માનવતા માટે માર્ગદર્શક બની રહે છે.



તેના બાદ 30 માર્ચે Easter Monday આવે છે, જે પુનર્જીવન અને નવી શરૂઆતનો પ્રતીક છે. જીવનમાં કેટલીય મુશ્કેલીઓ આવે, પરંતુ આશા અને વિશ્વાસ સાથે આગળ વધીએ તો નવી શરૂઆત શક્ય છે – આ તહેવાર એ જ સંદેશ આપે છે. પરિવાર સાથે સમય વિતાવવો, આનંદ વહેંચવો અને સંબંધોને મજબૂત બનાવવું એ દિવસની મુખ્ય ભાવના છે.

આ આધ્યાત્મિક યાત્રાનો શિખર 3 એપ્રિલે આવતી રામ નવમી સાથે પૂર્ણ થાય છે. ભગવાન શ્રી રામના જન્મોત્સવ તરીકે ઉજવાતો આ પવિત્ર દિવસ ધર્મ, સત્ય અને આદર્શ જીવનની પ્રેરણા આપે છે. રામનું જીવન આપણને શીખવે છે કે કપરા સંજોગોમાં પણ સત્યનો માર્ગ છોડવો નહીં. “રામ રાજ”ની કલ્પના આજે પણ ન્યાય, સમાનતા અને સદાચારનું પ્રતિક છે.

આ ત્રણેય તહેવારો ભલે જુદી જુદી સંસ્કૃતિઓમાં ઉજવાય, પરંતુ તેમનો મૂળ સંદેશ એક જ છે – પ્રેમ, ત્યાગ, આશા અને ધર્મના માર્ગે ચાલવું. જ્યારે વિશ્વમાં ભેદભાવ અને અશાંતિ વધી રહી છે, ત્યારે આવા તહેવારો આપણને એકતા, સહઅસ્તિત્વ અને માનવતાની યાદ અપાવે છે.

આ અવસર પર આપણે સૌએ નિર્ધાર કરવો જોઈએ કે પોતાના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી, સમાજમાં શાંતિ અને સુખનો સંદેશ ફેલાવીએ. સાચી ઉજવણી એ જ છે જ્યારે આપણે પોતાના અંદરના અંધકારને દૂર કરીને પ્રકાશ તરફ આગળ વધીએ.

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

ये मो'जिज़ा भी दोस्ती कभी दिखाए मुझे
कि संग तुझ पे गिरे और ज़ख़्म आए मुझे
मो'जिज़ा = ચમત્કાર, संग = પથ્થર
Sankalan by
Dr Prakashbhai Thakkar Kalol Gujrat

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

AJ ABHAY JOSHI Mortgage

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC

INDEPENDENTLY OWNED AND OPERATED

FSRA LIC # 13093




UNLOCK YOUR DREAM HOME WITH
**EXPERT MORTGAGE GUIDANCE**

- Residential mortgage
- Commercial mortgage
- Refinancing, Home equity loans
- Business Line of Credits
- Business Loans (CSBFL)
- And many more



Call today to schedule
a consultation

CELL : (647) 409-5848

Lic #M22003707

# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com



## EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

### Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

Call Me | Schedule an appointment | Mortgage Solution | Auto & Home Insurance

For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings

# ઓન્ટેરિયોમાં નવા ઘર ખરીદનારાઓને રૂ. 1.30 લાખ સુધીનું HST રિબેટ મળશે: પ્રીમિયર ડગ ફોર્ડની મોટી જાહેરાત




ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે બુધવારે સવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી છે કે પ્રાંત અને ફેડરલ સરકાર મળીને નવા ઘરો પરના HST (Harmonized Sales Tax) રિબેટમાં કામચલાઉ વધારો કરવા જઈ રહી છે. આ યોજના હેઠળ, હવે તમામ ખરીદદારો (માત્ર પ્રથમ વખત ખરીદનારા જ નહીં) $130,000 સુધીના ટેક્સ રિબેટ માટે પાત્ર બનશે.

અત્યાર સુધી આ HST રિબેટ માત્ર 'GST/HST ફર્સ્ટ-ટાઈમ હોમ બાયર્સ રિબેટ' હેઠળ જ ઉપલબ્ધ હતું, પરંતુ હવે એક વર્ષના સમયગાળા માટે આ સુવિધા પ્રાંતના તમામ ખરીદદારોને આપવામાં આવશે.

## કોને કેટલી રાહત મળશે?

ફોર્ડ સરકારની દરખાસ્ત મુજબ, રિબેટનો આંકડો ઘરની કિંમત પર આધારિત રહેશે:

$1.5 મિલિયન સુધીના ઘર: મહત્તમ $130,000 સુધીની રાહત.

$1.5 મિલિયનથી $1.8 મિલિયન: રિબેટની રકમમાં ઘટાડો થશે.

$1.85 મિલિયનથી વધુ: પૂર્વનિર્ધારિત નિયમ મુજબ $24,000 સુધીની રાહત મળશે.

આ રિબેટમાં 8% હિસ્સો (HST નો પ્રાંતિક ભાગ) ઓન્ટેરિયો સરકાર ભોગવશે, જ્યારે બાકીનો 5% હિસ્સો (ફેડરલ ભાગ) ઓટાવા (ફેડરલ સરકાર) દ્વારા આવરી લેવામાં આવશે. આ યોજનાના અમલ માટે ફેડરલ કાયદો પસાર થવો જરૂરી છે.

## નિયમો અને સમયમર્યાદા

આ સૂચિત નવા નિયમો 1 એપ્રિલ, 2026 થી 31 માર્ચ, 2027 સુધી અમલમાં રહેશે. આ માટેની મુખ્ય શરતો નીચે મુજબ છે:

ઘરનો ઉપયોગ પ્રાથમિક રહેઠાણ અથવા રહેણાંક ભાડાની મિલકત (Rental property) તરીકે થવો જોઈએ.

જો બિલ્ડર સાથેનો કરાર 1 એપ્રિલ, 2026 અને 31 માર્ચ, 2027 વચ્ચે થયો હોય, તો તેનું બાંધકામ 31 ડિસેમ્બર, 2028 પહેલાં શરૂ થઈ જવું જોઈએ અને 31 ડિસેમ્બર, 2031 સુધીમાં પૂર્ણ થવું જોઈએ.

જે કિસ્સામાં બાંધકામ 31 માર્ચ, 2026 પહેલાં શરૂ થયું હોય, પરંતુ ખરીદીનો કરાર ઉપર મુજબના એક વર્ષમાં થયો હોય, તો તેનું કામ 31 ડિસેમ્બર, 2029 સુધીમાં પૂર્ણ થવું જોઈએ.

## અર્થતંત્ર અને બાંધકામ ક્ષેત્રને વેગ આપવાનો પ્રયાસ

સરકારના અંદાજ મુજબ આ પ્રોગ્રામ પાછળ પ્રાંતને $1.4 બિલિયનનો ખર્ચ થશે. જોકે, તેનાથી 8,000 નવા મકાનોનું બાંધકામ શરૂ થશે, 21,000 નોકરીઓનું સર્જન થશે અને GDPમાં $2.7 બિલિયનનો વધારો થશે.

પ્રીમિયર ફોર્ડે જણાવ્યું હતું કે, વધતા ખર્ચ અને નબળી માંગને કારણે સ્થગિત થયેલા બાંધકામ ક્ષેત્રને ફરી બેઠું કરવાનો આ પ્રયાસ છે. ખાસ કરીને ટોરોન્ટોમાં નવા કોન્ડો પ્રોજેક્ટ્સ અને વેચાણમાં દાયકાઓનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. તેમણે બિલ્ડરોને સંદેશ આપતા કહ્યું, "મારો મેસેજ સાવ સાદો છે - બાંધકામ શરૂ કરો."

## વિકાસ ચાર્જ ઘટાડવા અપીલ

ફોર્ડે મ્યુનિસિપલ નેતાઓને પણ અપીલ કરી છે કે તેઓ નવા ઘરો પર લાગતા ડેવલપમેન્ટ ચાર્જિસ ઘટાડે અથવા નાબૂદ કરે, કારણ કે આ ચાર્જિસને કારણે ઘરની કિંમતમાં લાખો ડોલરનો વધારો થાય છે.

બિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી એન્ડ લેન્ડ ડેવલપમેન્ટ એસોસિએશન (BILD) ના પ્રમુખ ડેવ વિલ્કસે આ નિર્ણયને આવકારતા કહ્યું કે, આનાથી ઘર ખરીદનારાઓ માટે શરૂઆતનો ખર્ચ ઘટશે અને મંદ પડેલા રિયલ એસ્ટેટ માર્કેટમાં નવી ઉર્જા આવશે.






# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR**

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# ઑન્ટારિયો તમામ ઈમિગ્રેશન સ્ટ્રીમ્સમાં ફેરફાર કરશે



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન

ANB Immigration Services,
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com

ઑન્ટારિયો ઈમિગ્રન્ટ નોમિની પ્રોગ્રામ (OINP) એ ઑન્ટારિયો ઈમિગ્રેશન એક્ટ (OIA) માં કાનૂની ફેરફારો તૈયાર કર્યા છે જે તમામ હાલના સ્ટ્રીમ્સનું સંપૂર્ણ પુનર્ગઠન કરશે, લક્ષિત ડ્રો રજૂ કરશે અને જેમની ઈમિગ્રેશન અરજીઓ ઑન્ટારિયો એમ્પ્લોયર દ્વારા સમર્થિત છે તેમના માટે નવા પગલાંને ઔપચારિક બનાવશે.

આ ફેરફારો 30 મે, 2026 ના રોજ કરવામાં આવશે, જે સૂચવે છે કે તે દિવસે પણ નવા સ્ટ્રીમ્સની સ્થાપના થઈ શકે છે; જોકે, લખતી વખતે પ્રાંતે આની પુષ્ટિ કરી નથી.

OIA માં કરવામાં આવેલા ફેરફારો ઑન્ટારિયોની ઈમિગ્રેશન ઓથોરિટી 2026 માટે કયા સુધારાઓનું આયોજન કરી રહી છે તેનો સંકેત આપે છે.

OINP દ્વારા કયા નવા સ્ટ્રીમ્સની સ્થાપના કરી શકાય છે?

ડિસેમ્બર 2025 માં, OINP એ રસ ધરાવતા હિસ્સેદારોને પ્રોગ્રામ ફેરફારો અંગે પરામર્શ મોકલ્યો, જેમાં પ્રાંતે તેના સ્ટ્રીમ્સમાં મુખ્ય પુનર્ગઠનનો પ્રસ્તાવ મૂક્યો, જે બે તબક્કામાં રચાયેલ છે.

પ્રથમ તબક્કામાં, પ્રાંત તેના ત્રણ હાલના એમ્પ્લોયર જોબ ઓફર સ્ટ્રીમને બે માર્ગો (એક ઉચ્ચ-કુશળ TEER* 0-3 વ્યવસાયો માટે અને એક TEER 4-5 માટે) સાથે એક જ પ્રવાહમાં મર્જ કરશે.

બીજા તબક્કામાં, બાકી રહેલા તમામ વર્તમાન પ્રવાહોને દૂર કરવામાં આવશે અને ત્રણ સંપૂર્ણપણે નવા પ્રવાહો સાથે બદલવામાં આવશે:

એક પ્રાથમિકતા આરોગ્યસંભાળ પ્રવાહ;




એક ઉદ્યોગસાહસિક પ્રવાહ; અને એક અપવાદરૂપ પ્રતિભા પ્રવાહ. પ્રસ્તાવિત પ્રવાહો અને દરેક માટે નવા પાત્રતા માપદંડો વિશે વધુ માહિતી વિષય પરના અમારા સમર્પિત લેખમાં ઉપલબ્ધ છે.

TEER એટલે તાલીમ, શિક્ષણ, અનુભવ અને જવાબદારીઓ, અને રાષ્ટ્રીય વ્યવસાય વર્ગીકરણ (NOC) હેઠળ વ્યવસાયોના કૌશલ્ય સ્તરને વર્ગીકૃત કરવા માટેની કેનેડિયન ફેડરલ સરકારની સિસ્ટમ છે, જેમાં TEER 0 સૌથી વધુ કૌશલ્ય સ્તરનું પ્રતિનિધિત્વ કરે છે અને TEER 5 સૌથી નીચું છે.

ANB IMMIGRATION

LOOKING FOR AN
IMMIGRATION
SPECIALIST

RCIC
Regulated Canadian Immigration Consultant

HEAD OFFICE
6201 Hwy 7, Suite# 10, Woodbridge, ON, L4H0K7

Off :905-230-4737

"Gateway to the Future"

SCAN FOR FREE ASSESSMENT

OUR SERVICES

- Super Visa
- Express Entry
- PR Card Services
- Student Visa
- Provincial Nominee Program (PNP)
- Visitor Visa
- Spousal Sponsorship
- Work Permit (LMIA)
- Family Class Sponsorship
- Canadian Experience Class (CEC)

YOUR TRUSTED IMMIGRATION PARTNER

Off: 905-230-4737
Toll Free: 1-800-431-8499
info@anbimmigration.com
www.anbimmigration.com


HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# ઉનાળો દસ્તક દઈ રહ્યો છે ત્યારે સાવધાન... તડકાના સીધા સંપર્કથી થઈ શકે છે સ્કીન કેન્સર!

**“ભારતીય સ્કીનને તડકાથી કંઈ ન થાય” - આ એક ભ્રમ છે. મેલેનિન રક્ષણ આપે છે પણ પૂરતું નથી. ગરમી વધે તે પહેલાં જ સાવચેત થઈ જાઓ.**



ડૉ. નિકુંજ વિઠ્ઠલાણી

હવે ધીમે ધીમે ગરમીની શરૂઆત થઈ રહી છે. જ્યારે પણ ઉનાળો શરૂ થાય ત્યારે તડકા સાથેનું સીધું એક્સપોઝર સ્કીન કેન્સરનું કારણ બની શકે છે. વૈજ્ઞાનિક સંશોધનો મુજબ, સૂર્યના અલ્ટ્રાવાયોલેટ (UV) કિરણો ત્વચાના કોષોના DNAને નુકસાન પહોંચાડે છે, જે સમય જતાં કેન્સરમાં ફેરવાઈ શકે છે.

## આ આદતો જોખમી સાબિત થઈ શકે છે...

- રોજ 10-20 મિનિટ કોઈપણ પ્રોટેક્શન વગર તડકામાં રહેવું.
- બપોરે 11 થી 3 વાગ્યાની વચ્ચે સીધા તડકામાં નીકળવું.
- ટોપી, ચશ્મા કે સનસ્કીન વગર ઘરની બહાર જવું.
- બાળકોને નાનપણથી જ વધુ પડતા તડકામાં રાખવા.

## નિયમિત સનસ્કીન વાપરવાના ફાયદા...

- તે સ્ક્વેમસ સેલ કાર્સિનોમાનું જોખમ 40% સુધી ઘટાડી શકે છે.
- મેલેનોમાનું જોખમ લગભગ ~50% સુધી ઓછું થઈ શકે છે.
- સનસ્કીન UVA અને UVB બંને કિરણો સામે સુરક્ષા કવચ આપે છે.

## WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) શું કહે છે?

WHO ના રિપોર્ટ મુજબ, વધુ પડતા UV એક્સપોઝરથી દર વર્ષે લાખો સ્કીન કેન્સરના કેસ સામે આવે છે. લગભગ 90% નોન-મેલેનોમા સ્કીન કેન્સરનું મુખ્ય કારણ સૂર્યના કિરણો માનવામાં આવે છે. UV કિરણો મુખ્યત્વે બેઝલ સેલ કાર્સિનોમા, સ્ક્વેમસ સેલ કાર્સિનોમા અને મેલેનોમા કેન્સર સાથે જોડાયેલા છે.

**સાવધાન રહેવા જેવા લક્ષણોઃ**

- રૂઝ ન આવતો હોય તેવો ઘા.
- બદલાતો જતો તલ (રંગ કે કદમાં).
- ત્વચા પર નવો ઉભરેલો ડાઘ.

## UV ડેમેજ દરેક પ્રકારની સ્કીનમાં DNA ને અસર કરે છે...

ઘણા લોકો માને છે કે ભારતીય ત્વચા પર તડકાની અસર નથી થતી, પણ આ ખોટું છે. UV ડેમેજ દરેક પ્રકારની સ્કીનમાં DNA ને નુકસાન પહોંચાડે છે. તેથી ભારતમાં પણ સનસ્કીન અને સન પ્રોટેક્શન એટલું જ જરૂરી છે, ખાસ કરીને જ્યારે હવે ગરમીનો પારો વધવાની તૈયારીમાં છે.



## શું કાળજી લેશો? (ઉનાળા માટેની તૈયારી)

- SPF 30+ સનસ્કીન: વાદળછાયું વાતાવરણ હોય તો પણ રોજ સનસ્કીન લગાવો.
- સમયાંતરે ઉપયોગ: દર 2-3 કલાકે ફરીથી સનસ્કીન લગાવવાની આદત પાડો.
- રક્ષણાત્મક કપડાં: સનગ્લાસ, ટોપી અને આખી બાંયના સુતરાઉ કપડાં પહેરવાનું શરૂ કરો.
- સમયનું ધ્યાન: બપોરના તેજ તડકાથી બચવા માટે તમારા કામનું આયોજન વહેલી સવારે અથવા સાંજે કરો.







DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

FINANCIAL ADVISOR

## INSURANCE

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

## INVESTMENTS

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning



Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# દક્ષિણામુખી શ્રી હનુમાનજી



લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

શિર્ડીમાં ચાવડીની બાજુમાં દક્ષિણામુખી શ્રી હનુમાનજીનું મંદિર છે. બાબા જયાં દરરોજ દર્શન કરવા આવતા. શ્રી હનુમાનજી આજે પણ અજરાઅમર છે. આ મંદિર ઘણું જ પુરાણું ગણાય છે.

શશિકાંત શાંતારામ ગડકરીનું પુસ્તક 'સદગુરૂ સાંઈ દર્શન (એક વૈરાગી કી સ્મરણ ગાથા) માં જણાવ્યા મુજબ સાંઈબાબાના પિતાને પાથરીના લોકો ગોવિંદભાઉ અથવા ગંગાભાઉના હુલામણા નામે બોલાવતા હતા. હકીકતમાં એમનું સાચું નામ પરશુરામ ભુસારી અને માતાનું નામ દેવગિરી (દેવકી અમ્મા) હતું. તેઓ દેશસ્થ બ્રાહ્મણ હોય એમનું ગોત્ર કશ્યપ હતું. રઘુપતિ, દાદા, હરીભાઉ, અંબાદાસ અને બલવંતા એમ પાંચ પુત્રો હતા જેમાં એમનું ત્રીજું સંતાન હરીભાઉ (સાંઈબાબા) હતું. હકીકતમાં મહારાષ્ટ્રના પરભણી જીલ્લાના પાથરી ગામ (પાર્થપૂર) પ્રાર્થ, જી.પરભણી, મહારાષ્ટ્રમાં બાબાનો જન્મ બ્રાહ્મણ કુળમાં થયો હતો. જયાં આજે પણ બાબાનું નિવાસ સ્થાન સાચવવામાં આવ્યું છે અને એમના સમયની અતિ મૂલ્યવાન ચીજવસ્તુઓ મળી આવી હતી જેવી કે પૂજાના વાસણો, હનુમાનજીની મૂર્તિ, ઘંટી, માટીનો ઘડો અને દેવી-દેવતાઓની મૂર્તીઓ, ઉદી, કૂવો વગેરે સાચવવામાં આવ્યું છે.

બાબા વેદોનો અંતિમ અને સર્વભૌમિક સંદેશ "ઈશ્વર નિરાકાર છે" એ મતને માનતા હતા. થોડા સમય પછી પોતાના મનોમંથનની પૂર્તિ ગુરૂકુળમાં ના થતા તેમણે ગુરૂકુળ છોડી દીધું. હવે પોતાનો મોટા ભાગનો સમય હનુમાન મંદિરમાં વ્યતિત કરવા લાગ્યા. જયાં આવતા લોકો, સાધુસંતો સાથે સત્સંગ કરતા રહેતા.

બાબાના કુળદેવ પંચબાવડીના મહારૂદ્ર શ્રી હનુમાનજીનું મંદિર ૨ કિ.મી. ના અંતરે છે, સાંઈબાબાનો પરિવાર હનુમાન ભકત હતો. આ મંદિર ખેતરની વચ્ચે છે. જે ફકત એક ગોળ પત્થરથી બનેલું છે. એની નજીકમાં એક ઘણો જ જૂનો કુવો છે. જયાં બાબા નાહીને મારૂતીની પૂજા કરતા હતા. શ્રી હનુમાન મંદિરની બહાર બે-ત્રણ વૃક્ષો સમુહમાં ઉગેલા છે અને એની ફરતે ચોતરો બનાવેલો છે.

શ્રી હનુમાનજી મજબુત અને ઉત્સાહી મનના દેવ ગણાય છે. બાબા ઘણીવાર મંદિર પાસેથી નીકળતા ત્યારે ત્યાં ઉભા રહી શ્રી હનુમાનજી સાથે વાત કરતા દેખાતા. ખાસ કરીને



ચાવડી જતી વખતે અચૂક રોકાતા અને શ્રી હનુમાનજીના દર્શન કરતા. શ્યામા બાબાને પૂછતા... બાબા, જો મારૂતી આપણા ભગવાન હોય તો શા માટે આપણે બીજા ભગવાનને પૂજવા જોઈએ? બાબા જવાબ આપતા કે, "અરે શ્યામા, હું નાનો હતો ત્યારથી મારા મા-બાપે હનુમાનજીને આરાધ્ય દેવ ગણાવ્યા છે અને એટલે હું એમને મારા ભાઈ જ સમજું છું.

ખાસ કરીને બાબાની હયાતી દરમ્યાન મારૂતિ મંદિરમાં સાધુઓ રોકાતા અને ખાસ તો દેવીદાસ જયારે બાબા શિર્ડીમાં આવ્યા હતા. જયારે બાબા રાહતા ફકીર જવાહરઅલી સાથે ૧૮૯૦ માં ગયા ત્યારે શિર્ડીમાં બાબાના ભકતો બહુ જ દુઃખી થયા હતા. આખરે, આઠ અઠવાડિયાના ભકતોના પ્રયત્નો પછી આખરે જવાહરઅલી સાથે બાબા પાછા શિર્ડી આવ્યા. ત્યારબાદ જવાહરઅલી અને દેવીદાસ વચ્ચે ધર્મને લઈને ચર્ચા થઈ જેમાં જવાહરઅલી હારી ગયો અને કાયમ માટે બાબાનો શિષ્ય બન્યો. દર મંગળવાર અને શનિવારે ઘણીવાર મારૂતિ મંદિરમાં ભજનનો કાર્યક્રમ થાય છે.

શ્રી હનુમાનજીના અસંખ્ય ભકતો છે જેમાંથી થોડાના દ્દષ્ટાંત આ મુજબ છે :

માધવાચાર્યઃ ઈ.સ. ૧૨૩૮ માં માધવાચાર્યનો જન્મ થયો હતો. તેઓ ભગવાન રામ અને હનુમાનજીના પરમ ભકત હતા. તેઓને હનુમાનજીના સાક્ષાત દર્શન થયા હતા.

શ્રી વ્યાસરાય તીર્થઃ ઈ.સ. ૧૪૪૭ માં કર્ણાટકમાં શ્રી વ્યાસરાય તીર્થનો જન્મ કાવેરી નદીના કિનારે બન્નૂર ગામે થયો હતો. તેઓ વિજયનગરના રાજા શ્રી કૃષ્ણદેવરાયના ગુરૂ હતા. તેમણે ભારત ભ્રમણ કરીને ૭૩૨ શ્રી હનુમાનજીના મંદિર સ્થાપ્યા હતા. તેઓશ્રીએ શ્રી હનુમાનજી ઉપર પ્રણવ નાદિરાઈ, મુક્કા પ્રાણ પદિરાઈ અને સદગુણ ચરિત્ર લખ્યા હતા.

તુલસીદાસજીઃ ઈ.સ. ૧૫૫૪ માં તુલસીદાસજીનો જન્મ શ્રાવણ માસની શુક્લ પક્ષની સાતમને દિવસે ચિત્રકૂટમાં થયો હતો. તે વખતે જંગલમાં પેટ સાફ કરવા જવું પડતું. એક દિવસ એમને ત્યાં ભૂત દેખાયું. ભૂતે તુલસીદાસજીને કહ્યું કે શ્રી હનુમાનજીના દર્શન કરવા હોય તો તેઓ કુષ્ઠ રોગીની રૂપમાં દરરોજ હરી કથા સાંભળવા આવે છે. તુલસીદાસજી ત્યાં ગયા અને હનુમાનજીને ઓળખી એમના પગ પકડી લીધા. છેવટે હારીને કુષ્ઠ રોગી બનેલા હનુમાનજીએ તુલસીદાસને ભગવાનના દર્શન કરાવવાનું વચન આપ્યું. ત્યારબાદ એક દિવસ તુલસીદાસજી ગંગાજીના તટ ઉપર ચંદન ઘસી રહ્યા હતા ત્યારે ભગવાને બાળક સ્વરૂપ ધરી એમની પાસેથી ચંદન ઘસી-ઘસીને માંગીને લગાવતા હતા. ત્યારે હનુમાનજીએ પોપટ બની આ દોહો ગાયો હતો - ચિત્રકૂટ કે ઘાટ પર ભાઈ સંતોની ભીડ / તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર.

રાઘવેન્દ્ર સ્વામીઃ ઈ.સ. ૧૫૯૫ માં રાઘવેન્દ્ર સ્વામીનો જન્મ થયો હતો. તેઓ માધવ સમુદાયના ગુરૂ રૂપે પ્રતિષ્ઠિત છે. એમના જીવનમાં અનેક ચમત્કારિક ઘટનાઓ બની છે. એમને હનુમાનજીનો સાક્ષાત્કાર થયો હતો. ૧૯૭૧ માં તેમણે તુંગભદ્રા નદીના તટે જીવંત સમાધી લીધી હતી.

ગોપનઃ ઈ.સ. ૧૬૨૦ માં ગોપનનો જન્મ થયો હતો. તેઓ અબ્દુલ હસન તાનશાહના દરબારમાં તહસીલદાર હતા. એમના ગામની એક સ્ત્રીના સ્વપ્નમાં આવ્યું કે ભદ્રગિરિ પર્વત ઉપર ભગવાન રામની મૂર્તિઓ છે. તેમણે તે મૂર્તિઓ લાવી ખમ્મામ જીલ્લાના ભદ્રાચલમના ગોદાવરી નદીના કિનારે સ્થાપના કરી ભવ્ય મંદિર બનાવ્યું. ત્યારબાદ જયારે રાજા અબ્દુલ હસન તાનશાહને ખબર થઈ કે ગોપને શાહી ખજાનાનો ઉપયોગ કરી મંદિર બનાવ્યું છે તો એમણે ગોલકોંડાની અંધારી જેલમાં એમને પૂરી દીધો. ગોપનને ભગવાન રામ તથા શ્રી હનુમાનજી પ્રત્યે અપાર ભક્તિ હતી. એમની ભક્તિને લઈને ભગવાન રામે રાજા તાનશાહના સ્વપ્નામાં આવી શાહી ખજાનામાંથી લીધેલ ધનને ચુકવી દીધું. આથી રાજાએ ગોપનને જેલમાંથી મુક્તિ આપી ઉત્તમ પદાધિકારી બનાવ્યા.



સમર્થ સ્વામી રામદાસ: ઈ.સ. ૧૬૦૮ માં ગોદા નદીના તટ પાસે જામ્બ ગામે, જીલ્લો જાલના ખાતે સમર્થ સ્વામી રામદાસનો જન્મ રામનવમીના દિવસે થયો. તેઓ રાજાધિરાજ છત્રપતિ શિવાજીના ગુરૂ હતા અને શ્રી હનુમાનજીના પરમ ભકત હતા. તેમણે મહારાષ્ટ્રમાં રામભક્તિ સાથે શ્રી હનુમાનજીની ભક્તિનો પણ પ્રચાર કર્યો. મહારાષ્ટ્રમાં સૈનિક શિક્ષણ માટે તેમણે હનુમાન મંદિરોમાં અખાડા બનાવ્યા હતા જે રાજય સ્થાપનામાં બદલાયા. એમને પણ હનુમાનજીનો સાક્ષાત્કાર થયો હતો. ઈ.સ. ૧૬૮૧ માં તેમણે દેહત્યાગ કર્યો.

છત્રપતિ શિવાજી: ઈ.સ. ૧૬૨૭ માં છત્રપતિ શિવાજીનો જન્મ થયો. તેઓ મરાઠા યોદ્ધા હતા. તેઓએ બીજાપુરના મોગલોં, તુર્કીઓ, પોર્ટુગીલો, અંગ્રેજો, ડચ પ્રજા તથા ફ્રાંસસીયો સાથે લડાઈ કરી હતી. તેઓ મા તુળજા ભવાની અને શ્રી હનુમાનજીના પરમ ભકત હતા.

સંત ત્યાગરાજ: ઈ.સ. ૧૭૬૭ માં જન્મેલા સંત ત્યાગરાજ શ્રી રામ અને હનુમાનજીના પરમ ભકત હતા. એવું કહેવાય છે કે એમણે ૬ કરોડ વાર શ્રી રામના નામનો પાઠ કર્યો હતો. થિરવિયારૂના થિરૂમંજના મહોલ્લા પાસે પોતાના ઘરની સામે એમને શ્રી હનુમાનજી સાથે રામ, લક્ષ્મણ, જાનકીના દર્શન થયા હતા. તેઓ ઈ.સ. ૧૮૪૭ માં બ્રહ્મલીન થયા હતા.

શ્રી રામકૃષ્ણ પરમહંસ: ઈ.સ. ૧૮૩૬ માં જન્મેલા શ્રી રામકૃષ્ણ પરમહંસ શ્રી હનુમાનજી અને મા કાલીના પ્રખર ભકત હતા. તેઓ મા કાલીના મંદિરના પૂજારી હતા. લોકવાયકા પ્રમાણે એમની શ્રી હનુમાનજી પ્રત્યેનો લગાવ, ભક્તિ એટલા બધા હતા કે એમની પીઠ પાછળ હનુમાનજીની પૂંછડી નીકળવા લાગી હતી. તેઓએ ઈ.સ. ૧૮૮૬ માં દેહત્યાગ કર્યો હતો.

સ્વામી વિવેકાનંદ: ઈ.સ. ૧૮૬૩ માં જન્મેલા સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણના પરમ શિષ્ય હતા. તેમને રામકૃષ્ણ પરમહંસ મા કાલી તથા શ્રે હનુમાનજીની વાતો કરી પ્રેરણા આપતા. તેઓએ પોતાના શિષ્ટ શરતચંદ્ર ચક્રવર્તીને સલાહ આપી હતી કે દેશસેવા તથા પોતાનો ઉધ્ધાર કરવા શ્રી હનુમાનજીના આદર્શોનું પાલન કરે. તેઓ ઈ.સ. ૧૯૦૨ માં બ્રહ્મલીન થયા.

સત્ય સાંઈબાબા: ઈ.સ. ૧૯૨૬ માં પૂટપર્થીમાં જન્મેલા સત્ય સાંઈબાબા પણ શ્રી હનુમાનજીના પ્રિય ભકત હતા.

નીમ કરોલી બાબા: ઈ.સ. ૧૯૦૦ માં ઉત્તરપ્રદેશના અકબરપુર ગામે શ્રી લક્ષ્મીનારાયણ શર્માનો જન્મ થયો હતો. તેઓ શ્રી હનુમાનજીના પ્રખર ભકત હતા અને દેશભરમાં એમણે અનેકો શ્રી હનુમાનજીના મંદિરો બનાવ્યા હતા. સમય જતાં લોકો તેમને નીમ કરોલી બાબાના નામે ઓળખતા થયા. એમણે ૧૧ સપ્ટેમ્બર ૧૯૭૩ ના રોજ વૃંદાવનમાં દેહત્યાગ કર્યો હતો.

**સબ સુખ લહૈ તુમ્હારી સરના ।**
**તુમ રક્ષક કાહુ કો ડરના ॥**



EDM Elite Digital Marketing LET'S BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link Chat

Let's Start!

Parth Patel
647 655 5029

Let's Be popular

Find on Google

MURTI'S KITCHEN

Sweets Farsan Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
*METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)*

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ... ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Office Event
Birthday Event
Wedding


THE CANADIAN HOME
NEWS UPDATE
13% HST Rebate
for New Homes up to $1 Million,
For all Homebuyers.
(Proposed by Mark Carney & Doug Ford)
With more buyers entering the market, demand could rise quickly — and so could prices. If you've been on the fence, this might be the moment to act.
More in the description.
THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
The government is planning to expand the 13% HST rebate to all new home buyers – not just first-time buyers. This could mean huge savings when purchasing a new build from a builder.
If you (or someone you know) have been thinking about buying, upgrading, or investing in a new construction home–this is a great opportunity.
I have exclusive access to multiple projects across the GTHA, KWC, and Niagara region, and I'd be happy to guide you through the best options.
Let's connect and explore your options.
Turning Realty Dreams To Reality - Vatsal Makes It Happen
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST


Stellar homes
Home staging
"Transform Your Space, Sell Your Home Faster"
We elevate your home into a refined, beautifully curated expression of living.
Book your consultation today with Stellar homes.
+1(437)-961-1477
urvi.stellarhomes@gmail.com
@stellarhomes_staging
@STELLARHOMES_STAGING
Urvi Thakar
Your staging expert


LOOKING FOR A MORTGAGE?
We're here to help!
Get better rates
Save time and money
Personalized guidance
Services:
• 1st and 2nd mortgage
• Home equity loans
• residential mortgage
• commercial mortgage
• refinancing
PEGASUS
MORTGAGE LENDING CENTER INC.
Jaimin Patel
mortgage Agent
BOOK IN A QUICK CALL
+1 (226)-975-8054
jaimin.patel@pegasusmortgages.com
www.mortgagewithjp.com

# મહાપ્રભુજીની 84 પવિત્ર બેઠકોઃ શ્રદ્ધા, સંસ્કાર અને ભક્તિનો દિવ્ય પ્રવાસ - દર શનિવારે ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર કેનેડા સાથે



સંકલન
વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત

## મહાપ્રભુજીની ૮૪ પવિત્ર બેઠકોમાં પ્રથમ – ગોકુલ બેઠક

વૈષ્ણવ સંપ્રદાયમાં વલ્લભાચાર્ય મહાપ્રભુજી દ્વારા સ્થાપિત ૮૪ પવિત્ર બેઠકોનું વિશેષ મહત્વ છે. આ બેઠકો માત્ર ઐતિહાસિક સ્થળો નથી, પરંતુ ભક્તિ, કૃપા અને આધ્યાત્મિક અનુભૂતિના જીવંત કેન્દ્રો છે. તેમાં પ્રથમ અને અતિ મહત્વપૂર્ણ બેઠક છે – ગોકુલ.

ગોકુલ બેઠકનું મહાત્મ્ય

ગોકુલ એ પવિત્ર ભૂમિ છે જ્યાં શ્રીકૃષ્ણએ પોતાના બાળલિલાઓ કરી અને સમગ્ર વ્રજભૂમિને પવિત્ર બનાવી. આ જ પવિત્ર ધરતી પર મહાપ્રભુજીએ પોતાના ઉપદેશ અને કૃપાથી પુષ્ટિમાર્ગની સ્થાપના કરી.

ગોકુલ બેઠક એ તે સ્થળ છે જ્યાં મહાપ્રભુજીએ પ્રથમ વખત "બ્રહ્મસંબંધ"નો દિવ્ય ઉપદેશ આપ્યો હતો, જે પુષ્ટિમાર્ગનો આધારસ્તંભ માનવામાં આવે છે. અહીંથી ભક્તિનો



એવો પ્રવાહ શરૂ થયો કે જે આજે વિશ્વભરમાં વૈષ્ણવોના હૃદયમાં વહે છે.

આધ્યાત્મિક વિશેષતા

ગોકુલ બેઠકને "પુષ્ટિમાર્ગની જન્મભૂમિ" તરીકે માનવામાં આવે છે

અહીં મહાપ્રભુજીના ઉપદેશોથી અનેક જીવોએ ભગવાન સાથેનો સંબંધ પ્રાપ્ત કર્યો

આ સ્થળે ભક્તોને અનોખી શાંતિ, શ્રદ્ધા અને કૃપાનો અનુભવ થાય છે

ભક્તિનો અનુભવ

ગોકુલ બેઠકમાં પ્રવેશ કરતાં જ મનમાં એક અનોખી શાંતિ પ્રસરે છે. અહીં ભક્તો મહાપ્રભુજીના ચરણોમાં સમર્પિત થઈ, જીવનનો સાચો માર્ગ શોધે છે. આ સ્થળ એ દર્શાવે છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણમાં જ રહેલો છે.

અંતિમ ભાવ

મહાપ્રભુજીની ૮૪ બેઠકોમાં ગોકુલ બેઠક માત્ર પ્રથમ નથી, પરંતુ સમગ્ર પુષ્ટિમાર્ગનું હૃદય છે. અહીંથી શરૂ થયેલી કૃપાની ગંગા આજે પણ ભક્તોના જીવનને પવિત્ર અને સમૃદ્ધ બનાવી રહી છે.

## શ્રી મહાપ્રભુજીની બીજી બેઠક, મથુરા

શ્રી મહાપ્રભુજી ગોકુળથી પધારીને મથુરા આવ્યા હતા. અહીં યમુના કિનારે ચરણતીર્થ નામના ઘાટ પર આ બીજી બેઠકજી આવેલી છે.

આ ઘાટનું નામ 'ચરણતીર્થ' પડવા પાછળ એક પવિત્ર કારણ છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ મથુરા પધાર્યા અને કંસનો વધ કર્યો, ત્યારે તેમણે આ સ્થળે પોતાના ચરણ પખાળ્યા (ધોયા) હતા અને વિશ્રામ કર્યો હતો.

શ્રી મહાપ્રભુજીએ આ પવિત્ર ચરણચિહ્નોવાળી ભૂમિને પોતાની બીજી બેઠક માટે પસંદ કરી.

મથુરા એ ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ છે. જ્યારે શ્રી મહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે તેમણે આ પવિત્ર ભૂમિને વંદન કર્યા અને અહીં બિરાજીને શ્રીમદ ભાગવતજીનું પારાયણ કર્યું હતું.

શ્રી મહાપ્રભુજીએ અહીં બિરાજીને શ્રીમદ ભાગવતજીના દશમ સ્કંધ (જેમાં ભગવાનની રાસલીલા અને મથુરા લીલાનું વર્ણન છે) નું પારાયણ કર્યું હતું.

તેઓ કહેતા કે મથુરા એ ભક્તિની એવી ભૂમિ છે જ્યાં જન્મ લેતાની સાથે જ જીવના પાપ બળી જાય છે, પરંતુ જો ત્યાં રહીને પ્રભુનું સ્મરણ કરવામાં આવે તો સાક્ષાત્ મોક્ષ મળે છે.

આ બેઠકજી પણ યમુનાજીના કિનારે ખૂબ જ સુંદર અને શાંત વાતાવરણમાં આવેલી છે. પુષ્ટિમાર્ગમાં મથુરાના વિરામઘાટ (વિશ્રામ ઘાટ) અને ચરણતીર્થ બંનેનું ખૂબ મહત્વ છે, પરંતુ મુખ્ય બેઠકજી ચરણતીર્થ પર છે.

આ સ્થાન પર મહાપ્રભુજીએ ઘણા જીવોને શરણમાં લીધા અને ભક્તિમાર્ગનો પ્રસાર કર્યો. અહીં તેઓ 'શ્રીકૃષ્ણ શરણં મમ' અષ્ટાક્ષર મંત્રનો મહિમા સમજાવતા હતા.

મથુરા એ વ્રજનું હૃદય છે અને ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ છે. ગોકુળમાં બ્રહ્મસંબંધ આપ્યા પછી શ્રી મહાપ્રભુજી મથુરા પધાર્યા હતા.

કહેવાય છે કે મથુરામાં રોકાણ દરમિયાન શ્રી મહાપ્રભુજી દરરોજ યમુનાજીની આરતી કરતા અને વૈષ્ણવોને સમજાવતા કે યમુનાજી એ માત્ર નદી નથી, પણ પ્રભુના ચોથા પટરાણી છે જે ભક્તોને પ્રભુ સુધી પહોંચાડે છે.

આ ભૂમિને 'અખંડ' માનવામાં આવે છે. બેઠકજીની અંદર જ્યારે તમે દર્શન કરો છો, ત્યારે જે ગાદીજી બિરાજમાન છે, તેની નીચે એ જ પવિત્ર ભૂમિ છે જ્યાં મહાપ્રભુજી સાક્ષાત્ બિરાજ્યા હતા.

અહીં ધરાવવામાં આવતી ઝારીમાં યમુનાજીનું જળ ભરવામાં આવે છે. એવી ભાવના છે કે મહાપ્રભુજી આજે પણ ત્યાં બિરાજીને યમુના જળનું પાન કરે છે અને ભાગવતજીનું મનન કરે છે.

પુરુષોત્તમદાસ મથુરાના વતની હતા અને ખૂબ જ જિજ્ઞાસુ જીવ હતા. તેઓ સાચા ગુરુની શોધમાં હતા જે તેમને પ્રભુનો સાક્ષાત્કાર કરાવી શકે.

જ્યારે મહાપ્રભુજી ચરણતીર્થ પર બિરાજ્યા હતા, ત્યારે પુરુષોત્તમદાસ તેમના તેજથી અંજાઈ ગયા. તેમણે મહાપ્રભુજીને વિનંતી કરી કે "મને એવો માર્ગ બતાવો જેનાથી મારો ઉદ્ધાર થાય." મહાપ્રભુજીએ તેમના હૃદયની શુદ્ધતા જોઈને તેમને યમુનાજીના કિનારે આ પવિત્ર બેઠક પર બ્રહ્મસંબંધ મંત્ર આપી પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કર્યા.

દીક્ષા લીધા પછી પુરુષોત્તમદાસજીએ પોતાનું આખું જીવન મહાપ્રભુજીની આજ્ઞા મુજબ પ્રભુની સેવામાં અર્પણ કરી દીધું. તેઓ મથુરામાં રહીને અન્ય વૈષ્ણવોની સેવા કરતા અને મહાપ્રભુજીના સિદ્ધાંતોનો પ્રસાર કરતા.

એવું માનવામાં આવે છે કે ગોકુળમાં બ્રહ્મસંબંધ આપ્યા પછી, શ્રીનાથજીએ મહાપ્રભુજીને આજ્ઞા કરી હતી કે, "હવે તમે મથુરા જઈને આ માર્ગનો ડંકો વગાડો." એટલે કે મથુરાની આ બીજી બેઠક એ પુષ્ટિમાર્ગના 'જાહેર પ્રસાર' નું પ્રથમ કેન્દ્ર બની હતી. અહીંથી જ વૈષ્ણવ ધર્મ મથુરાના ઘેર-ઘેર સુધી પહોંચવાનું શરૂ થયું હતું.

બીજી બેઠકજી એ "વિજય અને જ્ઞાન" નું પ્રતીક છે. જ્યાં પ્રથમ બેઠક (ગોકુળ) એ 'પ્રેમ અને બ્રહ્મસંબંધ' ની ભૂમિ છે, ત્યાં બીજી બેઠક એ સિદ્ધાંતોને દ્રઢ કરવાની ભૂમિ છે.


"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# બાર રાશિ અને નામકરણના અક્ષરો

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા









આપણે આગળના લેખમાં મેષ લગ્નમાં સૂર્યમહારાજ ના ૧૨ ભાવમાં શું ફળ આપે છે તે જોયું છે. તો આજે જ્યોતિષમાં થોડી નવી શરૂઆત કરીએ જેથી જ્યોતિષ અભ્યાસી માટે થોડું સરસ બને. તો આજે આપણે બાર રાશિ અને તેના અક્ષર ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું. તો બાર રાશિઓ વચ્ચે ૨૭ નક્ષત્રો અને દરેક નક્ષત્રોના ચાર ચરણમાં વિભાજિત કર્યા છે. આપણે ત્યાં એટલે ખાસ કરીને ગુજરાતમાં જન્મ સમયે ચંદ્ર જે રાશિમાં હોય તેના અક્ષર પરથી જાતકનું નામ રાખવાનો રિવાજ છે જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| રાશિ,અક્ષર, | રાશિ,અક્ષર |
| મેષ,"અ, લ, ઈ", | તુલા,"ર, ત" |
| વૃષભ,"બ, વ, ઉ", | વૃશ્ચિક,"ન, ય" |
| મિથુન,"ક, છ, ઘ", | ધન,"ભ, ધ, ફ, ઢ" |
| કર્ક,"ડ, હ", | મકર,"ખ, જ" |
| સિંહ,"મ, ટ", | કુંભ,"ગ, શ, સ" |
| કન્યા,"પ, ઠ, ણ", | મીન,"દ, ચ, ઝ, થ" |

## આપણે હવે દરેક રાશિના સ્વામી જોઈએ તે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મેષ - મંગળ, | વૃષભ - શુક્ર, | મિથુન - બુધ |
| કર્ક - ચંદ્ર, | સિંહ - સૂર્ય, | કન્યા - બુધ |
| તુલા - શુક્ર, | વૃશ્ચિક - મંગળ, | ધન - ગુરુ |
| મકર - શનિ, | કુંભ - શનિ, | મીન - ગુરુ |

રાશિ સ્વામી પ્રમાણે દરેક રાશિઓની પ્રકૃતિ હોય છે એટલે કે રાશિઓના સ્વભાવ, પ્રભાવ અને તેના સ્વામી, આ જ વસ્તુને રાશિઓના સ્વરૂપને વધારે વિસ્તૃત રીતે સમજવાનો પ્રયત્ન કરીશું. ટોટલ ૧૨ રાશિઓ છે જે નીચે મુજબ છે:

મેષ રાશિઃ પુરુષ જાતકની, લાલ રંગ, પિત્ત દોષ ધરાવતી અને પૂર્વ દિશા પર આધિપત્ય ધરાવતી આ રાશિનો સ્વામી મંગળ છે. અલ્પ સંતતિ સૂચક, આ રાશિના લગ્નમાં એટલે કે જન્મ કુંડળીના પ્રથમ સ્થાને મેષ રાશિ હોય તેવા મેષ લગ્નમાં જન્મેલા જાતકો મોટેભાગે મહત્વાકાંક્ષી હોય છે.

વૃષભ રાશિઃ સ્ત્રી જાતિની, શ્વેત (ગૌર) વર્ણ, કાંતિમાન, વૈશ્ય વર્ણ અને દક્ષિણ દિશાની અધિષ્ઠાત્રી છે. મધ્ય પ્રજાવાળી, પૃથ્વી તત્વની સ્થિર રાશિ છે. ખેતીવાડીની જગ્યા, જમીન, અરણ્ય તેનું નિવાસ સ્થાન છે.

મિથુન રાશિઃ પુરુષ સંજ્ઞા, હરિત વર્ણ, સ્વરૂપવાન, શૂદ્ર વર્ણ અને પશ્ચિમ દિશા પર આધિપત્ય ધરાવતી મિથુન રાશિ દ્વિસ્વભાવવાળી અને યુગ્મ રૂપવાળી રાશિ છે.

કર્ક રાશિઃ સ્ત્રી સંજ્ઞા, બહુ પ્રજા ઉત્પન્ન કરનાર, પાટલ વર્ણ (ગુલાબી), રાત્રિએ ફરનાર, જળમાં ગતિ કરનાર, શીઘ્રગામી, સ્નિગ્ધ, ઉત્તર દિશાની અધિષ્ઠાત્રી અને પિત્ત પ્રકૃતિ વાળી છે.

હવે પછી બાકી રહેલી રાશિઓ આપણે આવતા અંકે ભણીશું. વિષય થોડો લાંબો છે પરંતુ ધીમે ધીમે આગળ વધીશું.



# વાંચન ભૂખ જગાડવા નાવિન્યસભર પ્રોજેક્ટ

## 'પુસ્તક પરબ'




લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા

પુસ્તકો માનવીનો શ્રેષ્ઠ મિત્ર અને આત્માની ઔષધી છે. પુસ્તક ગમે તે પરિસ્થિતિમાં તટસ્થ રહીને માર્ગદર્શન આપે છે અને એકલતા દૂર કરે છે. પુસ્તક પરબ એ એક નવીનતમ અભિગમ છે. જેમ ઉનાળામાં પાણીની તરસ છીપાવવા પાણીની પરબ હોય છે તેમ જ્ઞાનપીપાસા માટે પુસ્તક પરબ છે. તેનો મુખ્ય ઉદ્દેશ માનવીની વાંચન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો , પુસ્તકો પ્રત્યે લોકોની સંવેદના જગાડવાનું અને સમાજમાં સાહિત્યિક વાતાવરણ ઊભું કરવાનો છે.ગુજરાતના ઘણા શહેરમાં આ પ્રોજેક્ટ અમલમાં છે.

અમદાવાદમાં કાર્યરત' પુસ્તક પરબ ' પ્રોજેક્ટ--

બાળકો લાયબ્રેરીમાં જાય તેના કરતાં નિવૃત અને સેવાભાવી વયસ્ક નાગરિકો પુસ્તકો લઈને પુસ્તક પરબ પ્રોજેક્ટ અંતર્ગત વાચક સુધી જાય છે. સમયનો સદુપયોગ કરી સમાજ માટે કંઈક સારું કરવાની ધગસ વાળા મિત્રો ગણપત પટેલ (સૌમ્ય) નિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી , કુસુમબહેંન પટેલ, નીલમબહેન પ્રજાપતિ, ભાગર્વભાઈ કડિયા અને જીતુભાઈ પટેલ અમદાવાદમાં પુસ્તક પરબની પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ પ્રોજેક્ટ અન્વયે નિશ્ચિત સ્થળે નિશ્ચિત સમયે પુસ્તકો લઈ જાય છે. વાચકો નિશુલ્ક પુસ્તકો મેળવે છે અને ઘરે વાંચવા લઈ જાય છે. બીજા માસે પરત કરે છે. હાલ દર મહિને 50 થી 55 વાચકો પુસ્તકો વાંચવા લઈ જાય છે. ઘણા તેમના ઘરે વધારાના પુસ્તકો હોય તો તે પણ ભેટમાં આપી જાય છે.વાચકો તરફથી સારો પ્રતિસાદ મળે છે.વાંચન એક ટેવમાં પરિણમે છે તે એક મોટો ફાયદો છે.

પુસ્તક પરબ - રજાઈના , કેનેડા



ભુજમાં પુસ્તક પરબનો અનોખો પ્રયોગ--

ભુજમાં ઈન્સ્ટિટયૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ દ્વારા માતૃભાષા અભિયાન અંતર્ગત વાચન દ્વારા વિચાર અને વિચાર દ્વારા જીવન ઘડતરના ઉમદા આશયથી પુસ્તક પરબ કાર્યરત છે.ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ ભુજ દ્વારા પ્રમુખશ્રી અરવિંદભાઈ અંતાણી દ્વારા ચાલતી કુલ ચાર પુસ્તક પરબ હાલ ભુજમાં કાર્યરત છે.જિલ્લા સંયોજક તરીકે જાગૃતીબહેન વકીલ છે. પુસ્તક પરબ અંગે તેમનું કાર્ય ખૂબ જ સરાહનીય છે. પુસ્તક પરબમાં માત્ર નવલકથાની જ માગ નથી પરંતુ મોટીવેશનલ પુસ્તકો ,ધાર્મિક પુસ્તકો અને સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોની માગ વધુ છે. દર રવિવારે લાખથી વધુ વાચકો પુસ્તકો વાંચવા લઈ જાય છે અને પરત આપી જાય છે.

* પરદેશમાં (કેનેડા) પણ પુસ્તક પરબ ની યોજના --

અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેંડ્સ સર્કલ રજાઈના , કેનેડાના આદ્ય સ્થાપક શ્રી ઘનશ્યામ પટેલ અને તેમના ગ્રુપના સભ્યો દ્વારા કેનેડાની સાઉથલેન્ડ મોલ લાયબ્રેરીમાં ગુજરાતી વાચકોને વિનામૂલ્યે શ્રેષ્ઠ લેખકોના ઉત્તમ પુસ્તકો વાંચવા મળે તે માટે 120 કરતા વધુ પુસ્તકો ' પુસ્તક પરબ' પ્રોજેક્ટ અન્વયે ભેટ આપવામાં આવ્યા છે.કેટલાક પુસ્તકો ખરીદી ભેટ આપ્યા છે. પ્રકાશકો લેખકો અને મિત્રો તરફથી પુસ્તકો ભેટમાં અપાતા સંખ્યામાં વધારો થાય છે.

કેનેડામાં ચાલવાની ફૂટપાથ પર ની બાજુમાં ઘણી જગ્યાએ નાના બોક્સ મુકેલા હોય છે જેમાં સાહિત્ય રસિકો નવા સારા પુસ્તકો વંચાઈ ગયા પછી મૂકી જાય છે , જેનો લાભ યુવાનો ,યુવતીઓ અને વયસ્ક નાગરિકો કરે છે તેમાંથી પુસ્તક લઈ જઈ વાંચી તેમાં પરત મૂકી જાય છે. * જોલા પુસ્તક પરબ --

કચ્છ જિલ્લાના ગામડામાં 20 જોલા પુસ્તક પરબ કાર્યરત છે.શાળાની ધોરણ 9 અને ધોરણ 11 ની વિદ્યાર્થીનીઓ જોલામાં પુસ્તકો લઈ ઘરે ઘરે જઈ વાંચવા આપે છે અને પરત લઈ જાય છે.

સ્વૈચ્છીક રીતે ' પુસ્તક પરબ ' ચલાવનાર નિવૃત્ત અને સેવા આપનાર વ્યક્તિઓ જણાવે છે કે અમને આ કાર્યમાં ખૂબ મજા આવે છે.લોકોને વાંચતા કરવાનો વિશેષ આનંદ મળે છે.વાચકો બીજા રવિવારની આતુરતાપૂર્વક રાહ જુએ છે. નિવૃત વયસ્ક નાગરિકો , કર્મચારીઓએ આવી સેવાકીય પ્રવૃતિમાં જોડાઈ સમયદાન આપી સામાજિક સેવા કરી સાહિત્યક્ષેત્રે પોતાનું યોગદાન આપવું

પુસ્તક પરબ - અમદાવાદ




પુસ્તક પરબ - ભુજ



# ઓટીઝમ અધ્યયન



સંકલન
હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર
Mob No
98792 02380
E Mail
patelh166@gmail.com



વિશ્વ ઓટીઝમ જાગરૂકતા દિવસ (World Autism Awareness Day) સમગ્ર વિશ્વમાં તા. 2 એપ્રિલના રોજ મનાવવામાં આવે છે. વર્ષ 2007માં કતાર તરફથી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં રજૂ થયેલા પ્રસ્તાવને મંજૂરી મળી ત્યારથી દર વર્ષે વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ ઊજવાય છે. યુનાઈટેડ નેશન્સ(United Nations) દ્વારા આ દિવસની ઊજવણીની પ્રથા વર્ષ 2008થી શરૂ કરવામાં આવી છે. સામાન્ય રીતે આ દિવસ દુનિયાભરમાં ઓટીઝમ એટલે કે સ્વલિનતાની બીમારી વિશે જાગૃતિ ફેલાવવા અને જે લોકો આ બીમારીથી પીડિત છે તેમની સારસંભાળ કેવી રીતે રાખવી તે વિશે માહિતગાર કરવા માટે ઊજવાય છે. ઓટીઝમ એ બાળકોમાં થતા ડિસઓર્ડરનો એક પ્રકાર છે. બાળકના જ્ઞાનતંતુ (nerves), અંતઃસ્ત્રાવ અને પાચનક્રિયાને (Diseases affecting digestion) અસર કરતી બીમારીને ઓટીઝમ તરીકે ઓળખવામાં આવે છે. જે બાળકને આ સમસ્યા હોય છે તેનું મગજ અન્ય બાળકોની તુલનામાં ઓછું કામ કરે છે. આ માનસિક વિસંગતતા આવા બાળકોના વ્યવહાર, વિચારવાની અને સમજવાની ક્ષમતા, સાંભળવાની ક્ષમતા વગેરે પર નકારાત્મક પ્રભાવ પાડે છે. ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય અનુસાર પ્રત્યેક 110માંથી એક બાળક ઓટીઝમની બીમારી પીડિત હોય છે અને દર 70માંથી એક બાળક આ ડિસઓર્ડરથી પ્રભાવિત હોય છે. છોકરીઓ કરતાં છોકરાઓને આ બીમારી થવાની શક્યતા વધુ હોય છે.

ઓટીઝમના લક્ષણો :

કોઈ પણ બાળક 18 થી 24 મહિનાનું થાય છતાંયે એનામાં નીચેના લક્ષણો જોવા મળે તો તુરંત માતાપિતાએ સભાન થવાની જરૂર છે.

જો બાળક પોતાના માતાપિતા, પરિવારના સભ્યો તથા અન્યની કોઈની પણ સામે નજર ના મિલાવે.

બોલાવવા છતાં, વારંવાર બૂમો પાડવા છતાં કે ઈશારા કરતાં બાળક સામે ના જોવે.

બે વર્ષની ઉંમર છતાં બાળક બોલતા ના શીખે, થોડા શબ્દોથી આગળ બોલતાં બોલતાં અટકી જાય કે એકદમ બોલવાનું બંધ કરી દે.

બાળક એકધારું સતત કોઈ વસ્તુ તરફ (રમકડાં, રમકડાંનાં પૈડાં, ગોળ ફરતી હોય તેવી વસ્તુઓ, પંખો કે લાઈટ) લાંબા સમય સુધી જોયા રાખે.

કોઈપણ જાતના ભય વગર રસ્તા પર કે અગાશીમાં દોડતું રહે.

જો બાળક એક જ જગ્યાએ ગોળ ગોળ ફર્યા કરે.

જો બાળક કોઈ એક જ વસ્તુ કે રમકડા સાથે લાંબો સમય સુધી રમ્યા કરે.

તીવ્ર અવાજ સંભળાય (ફટાકડા, મિક્સર, ઘરઘંટી, વેક્યુમ ક્લીનર, ગાડીનું હોર્ન, કૂકરની વ્હીસલ, એલાર્મ વિગેરે) ત્યારે કાન ઉપર હાથ રાખે, ડરવા માંડે અને ડરીને સંતાઈ જવાનો પ્રયત્ન કરે.

બાળક સતત કૂદકા મારે, વારંવાર ચીસો પાડે, પોતાના હાથની આંગળીઓને સતત હલાવે રાખે.

જો બાળક અન્ય બાળકો સાથે ભળે નહીં, વગર કારણે હસ્યા કરે, અતિશય રડ્યા કરે.

જો બાળક વસ્તુઓને હાથમાં લઈને ફેંકી દે, વસ્તુઓને તોડી નાખે, સાથે રમતા અન્યને ઈજા કરે.

બાળક જો સોફા ઉપર, બાંકડા ઉપર, પથારી ઉપર કે ગાડીની સીટ ઉપર સતત કૂદકા મારે, ચીસો પાડે.

ઓટીઝમના લક્ષણોમાં સૌથી ધ્યાન ખેંચે એવું એક વિશેષ હકારાત્મક લક્ષણ છે. ઓટિઝમથી પીડાતાં મોટા ભાગનાં બાળકોમાં પઝલ સોલ્વ કરવી, બધી જ વસ્તુઓ, બધી જ જગાઓ યાદ રાખવી જેવી ફોટોગ્રાફિક મેમરી જોવા મળે છે.

ઓટીઝમનું નિદાન કરવા માટેની કોઈ ચોક્કસ પદ્ધતિ હજુ સુધી શોધી શકાઈ નથી. ઉપર દર્શાવેલ લક્ષણોમાંથી કોઈ પણ લક્ષણ (Symptoms) જણાય તો તરત જ બાળકોના ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. બાળકની ઉંમર જેટલી નાની તેટલી તેમાંથી બહાર આવવાની શક્યતા વધી જાય છે. સામાન્ય રીતે ઓટીઝમનું નિદાન ફક્ત મેડિકલ રિપોર્ટ દ્વારા થતું નથી. બાળકોના ડોક્ટર દ્વારા બાળકના ઉંમર પ્રમાણે થતાં શારીરિક અને માનસિક વિકાસનો અભ્યાસ કરીને તેનું નિદાન કરવામાં આવતું હોય છે. પ્રથમ તબક્કામાં આવા નિદાન માટે બાળકની શીખવાની ક્ષમતા, બોલવાની રીત, શબ્દો તથા વાક્યો સાથે બાળકના ચહેરાના હાવભાવનો અભ્યાસ કરવામાં આવે છે. મેડિકલ સાયન્સમાં(Medical Science) ઓટીઝમની કોઈ જ ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી. પરંતુ હોમિયોપેથિક દવાની સાથે સાથે આહાર નિયંત્રણ અને શારીરિક કસરત દ્વારા ઓટીઝમને દુરસ્ત કરી શકાય છે. બાળકની 4 વર્ષની ઉંમર પહેલા ઓટીઝમનું ચોકસાઈ સાથે નિદાન કરવામાં આવેલું હોય તો આવું બાળક સામાન્ય બને એવી શક્યતાઓ 90 ટકા જેટલી છે. જ્યારે બીજી બાજુ ઓટીઝમથી પીડિત 10 ટકા જેટલા બાળકોમાં સુધાર લગભગ અશક્ય છે. ઓટિઝમ ધરાવતાં બાળકો માટે વ્યાયામ ઉપચાર (Occupational Therapy) ચોક્કસથી આશીર્વાદ સ્વરૂપ છે.

ઓટીઝમ થવાના ચોક્કસ કારણો હજુ સુધી જાણી શકાયા નથી. પરંતુ વિવિધ કેસ તથા ઓટીઝમથી પીડિત બાળકોના મેડિકલ ઈતિહાસના આધારે કેટલાક તારણો કાઢીને સંભવિત કારણો શોધવામાં આવ્યા છે. જો માતા ગર્ભાવસ્થા દરમિયાન લાંબાગાળાના કોઈ પણ પ્રકારના સંક્રમણથી પીડિત હોય તો બાળકમાં ઓટીઝમના લક્ષણો ઉત્પન્ન થઈ શકે છે. માતાની અંતઃસ્ત્રાવી ગ્રંથીમાં હોર્મોનની અસમાનતા કે થાઈરોઈડની ઉણપ હોય તો પણ સંતાન ઓટીઝમનો ભોગ બની શકે છે. સતત વધતું જતું પર્યાવરણીય પ્રદૂષણ, વારસાગત અવ્યવસ્થા કે અસંતુલન (Genetic Disorders), કુટુંબના સભ્યોમાં ટી.બી.ની બીમારી, વાઈ (Epilepsy) જેવા કારણો પણ ઓટીઝમ માટે જવાબદાર છે. વર્તમાન સમયની આધુનિક વિચારધારા અને જરૂરિયાતમાંથી આવેલું વિલંબિત ગર્ભધારણ (લેટ પ્રેગ્નેન્સી)નું આયોજન એ પણ બાળકમાં આવતા ઓટીઝમ (સ્વલિનતા) માટેનું એક મહત્ત્વનું કારણ છે. માતા-પિતાએ લેટ પ્રેગ્નેન્સીથી બચવું જોઈએ, આથી અલગ બેબી પ્લાન કરતા પહેલા જરૂરી ટેસ્ટ અને મેડિકલ હિસ્ટ્રી જાણી લેવી જોઈએ. અપરિપક્વ કે વહેલી પ્રસૂતિ તથા ઓછા વજન સાથે બાળકનો જન્મ એ પણ ઓટીઝમ માટે જવાબદાર કારણો છે. ગર્ભાવસ્થા દરમિયાન જરૂરી પોષક ખોરાક, તંદુરસ્ત અને સુનિયોજિત જીવનશૈલી અને સમયાંતરે ડૉક્ટરનો સંપર્ક આ સમસ્યાથી બચાવી શકે છે.

વિશ્વમાં ઓટીઝમની સ્થિતિ સમગ્ર વિશ્વને ભયજનક સિગ્નલ આપી રહી છે. સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનની (Disease Control and Prevention) તાજેતરની મોજણી બાદની આંકડાકીય માહિતી મુજબ દુનિયામાં જન્મ લેતા 68માંથી 1 બાળક ઓટીઝમથી પીડિત છે. આ આંકડો કેન્સર અને HIV જેવા રોગોથી પીડાતા બાળકો કરતાં પણ વધુ છે.

વિશ્વ ઓટીઝમ જાગરૂકતા દિવસ(World Autism Awareness Day)ની કેટલીક થીમઃ


ઈ.સ. 2020 માં વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસની થીમ 'પુખ્તવસ્થામાં સંક્રમણ' (The Transition to Adulthood) હતી.


ઈ.સ. 2021 ની થીમ 'કાર્યસ્થળમાં સમાવેશઃ રોગચાળા પછીની દુનિયામાં પડકારો અને તકો' (Inclusion in the Workplace: Challenges and Opportunities in a Post-Pandemic World) હતી, જે ઓટીઝમ ધરાવતા લોકો માટે વધુ સમાવિષ્ટ કાર્ય વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ઈ.સ. 2022 ની થીમ સર્વ માટે ગુણવત્તા સભર શિક્ષણ (Inclusive Quality Education for All) હતી. આ વિષયવસ્તુ દ્વારા તમામ ઓટીસ્ટીક બાળકોને ઉત્તમ શિક્ષણની જોગવાઈઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલું હતું.

ઈ.સ. 2023 ની થીમ 'વૃતાંતમાં (કથનાત્મક) પરિવર્તનઃ ઘરે, કામ પર, કલામાં અને નીતિનિર્માણમાં યોગદાન' (Transforming the narrative: Contributions at home, at work, in the arts and in policymaking) હતી. આ થીમમાં ઓટીઝમ સાથે સંવાદિત વ્યવહાર દ્વારા સમાવિષ્ટ વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો જ્યાં ઓટીસ્ટીક વ્યક્તિઓ ખીલી શકે.

વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ ઈ.સ. 2024 ની થીમ 'ટકી રહેવાથી સમૃદ્ધ થવા તરફની ગતિ : ઓટીસ્ટીક વ્યક્તિઓ પોતપોતાના પ્રાદેશિક દ્રષ્ટિકોણની સહભાગિતા કરે' (Moving from Surviving to Thriving: Autistic Individuals Share Regional Perspectives) હતી. ઓટીઝમનો સામનો કરીને એક સુસંવાદિત વાતાવરણ બનાવી પાકટ પરિવર્તન લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો જ્યાં ઓટીસ્ટીક લોકો અને એમની શકિતઓ ખીલી શકે.




વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ 2025 ની થીમ "એડવાન્સિંગ ન્યુરોડાયવર્સિટી એન્ડ ધ યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (Advancing Neurodiversity and the UN Sustainable Development Goals -SDGs) હતી. આ થીમ ન્યુરોડાયવર્સિટી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રોત્સાહિત કરીને માનવ મગજની વિવિધતાને ઓળખીને તેનું મૂલ્યાંકન કરવાનું મહત્વ ઉપસાવે છે. ઓટીસ્ટીક વ્યક્તિઓ સમાજમાં કેવી રીતે વિશિષ્ટ યોગદાન આપી શકે એ પાસું ઉજાગર કરે છે. આ થીમ થકી હાલની સમાવિષ્ટ નીતિઓ, વર્તમાન પ્રથાઓ, આટલાં વરસોની મહેનત વિશ્વભરમાં ઓટીસ્ટીક વ્યક્તિઓ માટે સકારાત્મક પરિવર્તન લાવી શકે છે, જે યુએનના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) સાથે સંરેખિત થઈ સુસંગત બને છે. ગયા વર્ષે સમાવિષ્ટ આરોગ્ય જાળવણી અને સંભાળ, સંપૂર્ણ ગુણવત્તાયુક્ત શિક્ષણ, કાર્યસ્થળની સુલભતા, અસમાનતાઓમાં ઘટાડો તથા ઓટીઝમ મૈત્રીપૂર્ણ શહેરો, વિસ્તારો, સમુદાયો તથા જૂથોની સંરચના ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. વર્ષ 2025 વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ કાર્યક્રમનું આયોજન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુરોડાયવર્સિટી (ION) દ્વારા યુનાઇટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ગ્લોબલ કોમ્યુનિકેશન્સના સમર્થનથી કરવામાં આવેલ હતું.

વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ (વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે - World Autism Awareness Day) 2026 માટેની થીમ (વિષય) "ઓટિઝમ અને માનવતા - દરેક જીવન મૂલ્યવાન છે" (Autism and Humanity - Every Life Has Value)છે.

આ થીમ ઓટિઝમ ધરાવતી વ્યક્તિઓની ગરિમા, સમાન અધિકારો અને અવિભાજ્ય મૂલ્યને સ્વીકારવા પર ભાર મૂકે છે, ખાસ કરીને એવા સમયે જ્યારે ઓટિઝમ વિશે ખોટી માહિતી ફેલાઈ રહી છે.

2026 ની વિષયવસ્તુ (થીમ) અને તેના મુખ્ય પાસાઓ (ગુજરાતીમાં):

મુખ્ય વિષયઃ ઓટિઝમ અને માનવતા - દરેક જીવન મૂલ્યવાન છે. વિશ્વમાં તમામ માનવોનું જીવન એકસરખું મૂલ્યવાન છે. આ યુએન દ્વારા પ્રકાશિત ફોકસ બધા ઓટીસ્ટીક લોકોના ગૌરવ અને મૂલ્યને સમર્થન આપે છે.

મુખ્ય ઉદ્દેશ્યઃ ઓટિઝમ ધરાવતી વ્યક્તિઓની ગરિમા અને તેમના સમાન અધિકારોને માન્યતા આપવી. આવા વ્યક્તિઓના માન, સ્વમાન અને સન્માનનું સંપૂર્ણ રક્ષણ કરવું.

અન્ય સંદેશઃ ઓટિઝમ ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે સ્વીકૃતિ અને સર્વસમાવેશક સમાજનું નિર્માણ કરવું. સમાજના તમામ સ્તરે જાગૃતિ પ્રગટાવી ઓટિઝમ ધરાવતા લોકો પ્રત્યે લાગણી અને પ્રેમનો સદભાવ કેળવવો.

વર્ષ 2026ની ઊજવણીના વિવિધ કાર્યક્રમોમાં મુખ્ય વક્તાઓ દ્વારા સંલગ્ન ભાષણો પ્રસ્તુત થશે. જુદા જુદા ગ્રુપની અંદરોઅંદર ચર્ચા કરી નક્કર દિશાસૂચન સુનિશ્ચિત કરવામાં આવશે. વૈશ્વિક નિષ્ણાતો અને આ નીતિઓને કંડારનાર નિર્માતાઓ સાથે મળીને સમગ્ર વિશ્વના ઓટીસ્ટીક અવાજોને ગાંભીર્ય વાચા આપશે.

ઓટીઝમનો થીમ રંગ વાદળી (blue is theme of autism) છે. દુનિયાભરમાં 2 એપ્રિલના દિવસે જાણીતી ઈમારતો જેમ કે, ઓપેરા હાઉસ-સિડની, એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ-અમેરિકા, ગીઝાના પિરામિડ, પીઝાના (પીસાના) ઢળતા મિનારા, બુર્જ ખલીફા, લંડન બ્રિજ વગેરે પર ઓટીઝમ અંગે જાગૃતિ ફેલાવવા વાદળી રોશની એક અઠવાડિયા સુધી કરવામાં આવે છે. આમ, ઓટીઝમ અંગે વિશ્વ આખાને જાગૃત કરવા આખી દુનિયા વાદળી રોશનીથી તા. 2 એપ્રિલના રોજ ઝળહળશે.

આવો, આપણે સૌ તા.2 એપ્રિલ, 2026 ના રોજ 'વિશ્વ ઓટીઝમ જાગરૂકતા દિવસ (World Autism Awareness Day) સમગ્ર વિશ્વમાં ઓટીઝમ (સ્વલિનતા) પીડિત બાળકોના ચહેરા પર ખુશી લાવીને કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે ઓટીઝમથી પીડિત બાળકો માટે બીજાને દિશાનિર્દેશ થાય એવું નિર્ણાયક કાર્ય કરીએ અને અન્ય સૌને આ કાર્ય માટે પ્રેરણા આપીએ. લાગતાવળગતા સૌને અનુરોધ કરીએ કે જ્યારે અને જ્યાં તક મળે ત્યાં અને ત્યારે ઓટીઝમથી પીડિત બાળકોના મુખ પર મધુર સ્મિત રેલાવીએ. આપણે વાદળી રંગની રોશની પ્રકાશિત કરીને જગતને ઓટીઝમ સામેની લડાઈમાં જોડીએ.

# સંકટ મોચન હનુમાનનો " પ્રાગટ્ય દિન "



લેખક
ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
(જૈન સંગીતકાર)

શ્રી હનમાનજી જયંતી એ ચૈત્ર સુદ પૂનમના દિવસે મનાવવામાં આવે છે.આ દિવસને શ્રીહનુમાનજી ના "જન્મ દિવસ" તરીકે મનાવવામાં આવે છે. શાસ્ત્ર અનુસાર"જયંતી" શબ્દ નો પ્રયોગ એવી વ્યક્તિઓ માટે કરવામાં થાય છે કે જે આ સંસાર માં હાલ જીવિત નથી પરંતુ હનુમાનજી શાશ્વત,અમર અને ચિરંજીવી હોવાને કારણે આપણે સૌ હનુમાનજીના જન્મ દિવસ ને "હનુમાન પ્રાગટ્ય દિન "અથવા "હનુમાન જન્મોત્સવ પર્વ "તરીકે ઉજવીશું.

ભલે વાલ્મીકી મુનિએ હનુમાનજીની પ્રાગટ્ય કથા વર્ણવી ન હોય પરંતુ તેઓએ હનુમાનજી ની ઓળખ વિભિન્ન દેવો ના પુત્ર તરીકે આપી છે જેમ કે હનુમાનચાલીસા માં આપણે ગાઈએ છીએ

"રામદૂત અતુલિત બલ ધામા ।
અંજની પુત્ર પવન સુત નામા ॥"
"શંકર સુવન કેસરીનંદન ।
તેજ પ્રતાપ મહા જગ વંદન ॥"

"સ્કંદ પુરાણ"ના વૈષ્ણવ ખંડમાં તેમના જન્મ વિશે ની કથા નો ઉલ્લેખ છે.તે કથા અનુસાર અંજના તેમજ કેસરી સુમેરુ પર્વત પર નિવાસ કરતા હતા. તેઓ નિઃસંતાન હોવાથી મતંગ ઋષિ સમક્ષ મુંઝવણ વ્યક્ત કરી. પુત્ર પ્રાપ્તિ ના ઉપાય વિશે મતંગ ઋષિ એ "વૃષભાચળ" પર્વત પર જઈને વાયુદેવની ઉપાસના કરવા કહ્યું. તેઓ ની કૃપાથી જ તમોને મહાકર્મી અને અજેય પુત્ર ની પ્રાપ્તિ થશે.આમ વાયુદેવે પ્રસન્ન થઈને અંજના ના સતીત્વનો ભંગ કર્યા વિના અવ્યક્તરૂપે "નિયોગ પદ્ધતિ" દ્વારા (માનસિક સંકલ્પ વડે) અંજનાને આલિંગન આપી પુત્ર આપ્યો. અંજનાદેવીનો પુત્ર'આંજનેય' વાયુ જેવો મહા શકિતશાળી બન્યો. આમ હનુમાન જી"વાયુપુત્ર, કપિવર તેમજ "કેસરીનંદન "તરીકે ઓળખાય છે.

એક સમયે હનુમાનજીએ બચપણ માં ઉગતા સૂર્યને કોઇ તેજસ્વી ફળ સમજીને આકાશ માં ઉડીને પકડવા દોટ મૂકી પરંતુ સૂર્યદેવે તેમને પાછા પાડ્યા. ઈન્દ્રદેવ ગુસ્સે થઈને તેમને રોકવા માટે વજ્ર નો પ્રહાર કરતા તેમનો ડાબો હનુ (હડપચી) છેદાઈ જવાથી એક પર્વત શિખર પર પડ્યા. વાયુદેવે ઈન્દ્ર ના પ્રહાર થી ક્રોધિત થઈને સમગ્ર સૃષ્ટિ માંથી વાયુ રોકી લેતા હાહાકાર મચી ગયો દેવતાઓની પ્રાર્થના નાઅંતે બ્રહ્મા એ વરદાન આપીને હનુમાનજી ના શરીર ને વજ્ર નું કરી દીધું.અન્ય દેવતાઓએ પણ હનુમાનજી ને પોતાની વિવિધ શક્તિઓ અર્પણ કરીને"મહા શક્તિશાળી" બનાવ્યા.




શ્રી હનુમાન ચાલીસા માં તુલસીદાસ જી કહે છે કે

"સંકટ હરે મિટે સબ પીરા ।
જો સુમરે હનુમંત બલવીરા ॥"

આમ હનુમાનજી નું સ્મરણ દરેક પ્રકાર ના સંકટ ને દૂર કરવા ની સામર્થ્ય ધરાવે છે. અતુલિત બળ, બુધ્ધિ અને દ્રઢ બ્રહ્મચર્યનું પાલન કરીને દરિયો ઓળંગીને શક્તિ શાળી હનુમાને સીતાની ભાળ લઈને રામના વિશ્વાસ ને જાળવી રાખ્યો હતો.

આપણે હનુમાનજી માં રહેલા અમૂલ્ય ગુણો વિશે વિસ્તૃત ચર્ચા કરીશું.

(૧) લક્ષ્ય પ્રાપ્તિ માટે સમય ની યોગ્ય પિછાણઃ-

સીતા જી ની ભાળ મેળવવા જ્યારે તેઓ સમુદ્ર પર થી પસાર થઈ રહ્યા હતા ત્યારે દેવતાઓએ નાગ લોક ની માતા સુરસા ને તેઓની જ્ઞાન,બુદ્ધિ, તર્ક,બળ ની પરીક્ષા કરવા કહ્યું. 'સુરસા' એ તેમને આહાર બનાવવા જીદ પકડી ત્યારે હનુમાનજીએ તેને વિનંતી કરી ને કહ્યું કે "સૌપ્રથમ હું શ્રી રામ નું કાર્ય પૂર્ણ કરી ને આવીશ પછી જ તમારોઆહાર બનીશ." સુરસા ની જીદ ની ઝુકવાને બદલે તેનો અહંકાર દૂર કરવા જ્ઞાન,તર્ક, બળ અને વિજ્ઞાન દ્વારા કદ ને અતિ લઘુ કરી સહેલાઇ થી ફરીથી તેના મુખમાં થી બહાર નીકળી ગયા.આમ તેમના બુદ્ધિ, બળ અને ચાતુર્ય થી પ્રસન્ન થઈ ને સુરસા એ આશિષ દઈને રામ કાર્ય કરવાની સફળતા નો માર્ગ મોકળો કરી આપ્યો.

(૨).સમસ્યા નહીં પરંતુ સમાધાનકરી વલણઃ-

લક્ષ્મણ રણભૂમિ પર મૂર્છિત થઈ ગયા ત્યારે તેમના પ્રાણ બચાવવા માટે ઉતરા ખંડ માં આવેલા દ્રોણ ગિરિ પર્વત પર રહેલી સંજીવ બુટ્ટી ને ન ઓળખી શકતા સમસ્યા થી ન ગભરાતા સંપૂર્ણ પર્વત ઉપાડી લાવ્યા. હતા. કારણ કે તેઓ નો હેતુ લક્ષ્મણ ના પ્રાણ બચાવવાનો હતો.

(૩).નેતૃત્વ ની ક્ષમતા : સમુદ્ર પર સેતુ નિર્માણ સમયે અલ્પ સમય માં વાનરસેના પાસે થી વિશિષ્ટ આવડત ને કારણે વાનરસેના નું સુયોગ્ય નેતૃત્વ કર્યું.

(૪)આદર્શો માં કોઈપણ પ્રકાર ની બાંધછોડ કરવી નહીં :

અશોકવાટિકા માં જ્યારે હનુમાનજી અને મેઘનાદ વચ્ચે ભીષણ યુધ્ધ થયુ હતુંત્યારે મેઘનાદે "બ્રહ્માસ્ત્ર "નો પ્રયોગ કરતા હનુમાનજી બ્રહ્માસ્ત્ર ને તોડવા સમર્થ હતા છતાં પણ દેવતાઓને આદર્શ માનનાર હનુમાનજી એ બ્રહ્માની આજ્ઞા નો અનાદર ન થાય તે માટે અમોઘ બ્રહ્માસ્ત્ર થી બંધાઈ ગયા.આ પ્રસંગ ને નીચે ની ચોપાઈ માં વર્ણવ્યો છે.

"બ્રહ્મ અસ્ત્ર તેહી સાંધા , કપિ મન કીનહ વિચાર ।
જો ન બ્રહ્મસર માનઉ
મહિમા મિટઈ અપાર ॥"

(૫) લક્ષ્ય સમીપ હોય ત્યારે બળ નું પ્રદર્શન નિરર્થકઃ-

લંકામાં પ્રવેશ સમયે લંકિની રાક્ષસી સામે અતિ લઘુ રૂપ ધારણ કર્યું. જરૂરિયાત સમયે પ્રભુ નું નામ લઈને લઘુ બની ને આપણું કામ કાઢી લેવું.

"મસક સમાન રૂપ કપિ ધરી ।
લંકહિ ચલેઉ સુમિરિ નરહરિ ॥

લંકા ના પ્રવેશદ્વારે હનુમાનજી પહોચ્યા ત્યારે લંકીની નામ ની રાક્ષસી એ દ્વાર રોકીને હનુમાનજી ને મૂર્ખ કહી ને અપમાન કર્યું પણઆ સમયે હનુમાનજી એ જરાપણ સમય બગાડ્યા વિના મુષ્ટી પ્રહાર કરી ભોંય પર પછાડી દીધી.

(૬)સીતા માતાના માનસ પુત્ર હનુમાન :-

અશોકવાટિકામાં રામદૂત તરીકે સીતા માતા પાસે જાય છે અતિ લઘુ રૂપ ધારણ કરી ને વૃક્ષ ની ડાળીઓમાં સંતાઈને રામ નો સંદેશ સંભળાવે છે છે. સીતાની આજ્ઞા થી મૂળ રૂપમાં પ્રગટ થાય છે.કેમ કે આ સમયે

સીતા માતાને તેમના સામર્થ્ય પર સંદેહ થતા ભુધરાકાર(વિશાળ પર્વત નો આકાર) રૂપ ધારણ કરીને સમયે પુત્ર ની ભૂમિકા ભજવી હતી. પ્રસન્ન થઈ માતા આશીર્વાદ આપતા કહે છે હે પુત્ર!તું અજર,અમર,ગુણવાન,બળવાન અને ચારિત્ર્ય વાન બનીશ અને તું સદાયે રામના હૃદયમાં નિવાસ કરજે.

(૭)સમર્પણ : હનુમાનજી એક શ્રેષ્ઠ બ્રહ્મચારી હતા.

આજ ના યુવાનોમાં વધતી જતી વાસનાને કારણે બ્રહ્મચર્યની વાત નિર્માલ્ય લાગે છે. દ્રઢ બ્રહ્મચર્ય થકી તન, મન- સુદ્રઢ બનાવીને રામજી ના ચરણો માં સેવક બનીને રહ્યા. તેથી હનુમાનજી ને જીવનમાં આવતા ભયંકર સંકટો થી મુક્ત બનવા આજ નાં યુવા વર્ગે હનુમાનજી ને પોતાના હૃદયમાં શ્રેષ્ઠ નાયક (હીરો) તરીકે બિરાજમાન કરવા જોઈએ.

(૮) અંતિમ લક્ષ્ય ની પ્રાપ્તિ સુધી કાર્યરત : હનુમાનજી જ્યારે સીતા માતા ની શોધ માટે સમુદ્ર પાર કરી ને ઉડી રહ્યા હોય છે ત્યારે મૈનાક પર્વત હનુમાનજી ને વિશ્રામ કરવા માટે આમંત્રિત કરે છે.ત્યારેહનુમાનજી નીચે ની ચોપાઈ દ્વારા સેવક નું કર્તવ્ય જણાવતાં કહે છે કે


"હનુમાન તેહિ પરસા કર
પુનિ કિન્હે પ્રનામ ।
રામ કાજુ કિન્હે બિનુ
મોહિ કહાં બિશ્રામ ॥

(જ્યાં સુધી મારા પ્રભુ નું સોંપેલુ કાર્ય પૂર્ણ ના થાય ત્યાં સુધી વિશ્રામ ના કરી શકું). આ ચોપાઈ આપણને બોધ આપે છે કે ધ્યેય પ્રાપ્તિ ને અંતે વિશ્રામ કરવો.

૮).હનુમાનજી નીએક આદર્શ દૂત(સેવક) ની ભૂમિકાઃ-

કેન્દ્ર લક્ષી મુખ્ય વાત એ છે કે હનુમાનજી ને શ્રી રામ એ દૂત તરીકે મોકલેલ.અને હનુમાનજી રામજી દ્વારા સોંપાયેલ કાર્ય ની મર્યાદા ને સુપેરે નિભાવી.

હનુમાનજી ઈચ્છત તો અશોકવાટીકા માં રહેલાં રાક્ષસો નો વિનાશ કરીને સીતા ને મુક્ત કરી પોતાની સાથેલઈ જઈ શકત આમ છતાં ખૂબ વ્યથિત થયેલ સીતાને જોવા છતાં ભાવનાઓ પર સંયમ જાળવીને સેવકધર્મ ની ગરિમા ને શોભાવતાં કહે છે કે




"અબ હિં માતુ મૈં જાઉં લવાઈ ।
પ્રભુ આયસુ નહિં રામ દોહાઈ ॥ "

બીજી કેન્દ્ર લક્ષી મુખ્ય વાત એ છે કે હનુમાનજી રામ ને સમર્પિત આદર્શ સેવક હોવાથી તેમને શ્રી રામ ના આદર્શ નેતૃત્વ માં સંપુર્ણ વિશ્વાસ હતો. તેઓએ રામને ક્યારેય

પૂછ્યું નહીં કે સીતામાતા ને મારી સાથે લેતો આવું? કેમ કે તેઓ સારી રીતે જાણતા હતા કે જો માતા ને લાવવાના હોત તો પ્રભુ એ સ્વયં આજ્ઞા કરીહોત.તે સારી રીતે જાણતા હતા કે સેવક ને સ્વયં મહાન થવાનું કે પ્રભુ આજ્ઞા વિપરીત ડહાપણ કરવાનું હોતું નથી કેમકે સેવક પ્રભુ આજ્ઞા ની પાછળનું રહસ્ય અને પૂર્વ તૈયારીઓ વિશે માહિતગાર ન હોવાથી ચાલી રહેલ પુરા દૃશ્ય (સીન)વિશે અજાણ હોય છે.પરંતુ જો ભાવાવેશ કે ક્રોધ માં સીતાને લઈ આવત તો શ્રી રામ નું અને તેમણે રચેલી લીલા સાથે જોડાયેલ સંપૂર્ણ પૃથ્વીને અસુર મુક્ત કરી રામરાજ્ય સ્થાપવાનું લક્ષ્ય પુરુ થાત જ નહીં.

આમ તેઓ પોતાની સફળતા નો યશ પોતાના આરાધ્ય પ્રભુ શ્રી રામ ને સમર્પિત કરવામાં સેવક નું ગૌરવ સમજે છે.વિનમ્રતા પૂર્વક હનુમાનજી કહે છે કે-

"સો સબ તવ પ્રતાપ રઘુરાઈ ।
નાથ ન કછુ મોરિ પ્રભુતાઈ ॥ "

"(તમારા પ્રતાપનો યશ મને આપી હે પ્રભુ!લજ્જિત કરશોનહીં.)

પ્રભુ આપ ની કૃપા વડે જ આ સંભવ બન્યું છે.પ્રભુ આપ ની મહાનતા સમક્ષ હું અતિ લઘુ છું.

"તા કહું પ્રભુ કછુ અગમ નહિં
જા પર તુમ્હ અનૂકુલ ।

(અર્થાત્ પ્રભુ તમે ઈચ્છો તો રૂ વડવાનલને બાળી નાંખે,અને તમારી ઈચ્છા ન હોય તો વડવાનલ પણ રૂ ને બાળી શકે નહિ.હું તો રૂ જેવો ક્ષુદ્ર છું તેથી વડવાનલ જેવી લંકાને બાળી

શકે નહિ.હું તો રૂ જેવો ક્ષુદ્ર છું તેથી વડવાનલ જેવી લંકાને બાળી શક્યો.

આમ મોટા ભાગના હનુમાનને ભજનારા કબૂલ કરે છે કે 'Hanuman is The Embodiment of physical Strength & Tenacity. અર્થાત્ હનુમાનમાં "શારીરિક બળ" નહીં પણ મનની દૃઢ "સંકલ્પ શક્તિ"નું બળ પણ હતું.

આમ આ કલિકાળ માં હનુમાનદાદા અનેક લોકો માટે પ્રેરણાદાયી સ્તોત્ર બન્યા છે.આજે પણ શ્રીલંકાના કેટલાક ક્રિકેટરો હનુમાનનાં ભક્ત માની ને ગળા માં માદળિયાં ધારણ કરેછે.તો બીજી બાજુ સંકટની ઘડીએ પરદેશમાં રહેતા ભારતવાસીઓ હનુમાનચાલીસા ગાઈ યજ્ઞ કરીને હનુમાનજી ના જન્મોત્સવ ની ધામધૂમ થી ઉજવણી કરે છે.હનુમાનજી ને એક "વિશેષ દેવગણ" તરીકે પૂજવામાં આવે છે. રામભક્ત હનુમાનજી તેમના ભક્તોની સમસ્યાઓ નો નિકાલ કરે છે. છે.

આ લેખ દ્વારા તમને બે મહાનુભાવોની હનુમાનજી પ્રત્યે ની અતૂટ શ્રદ્ધા વિશે વાત કરવા માંગુ છું.

સ્ટીવ જોબ્સન ને "એપલ કંપની"ની વિશ્વ વ્યાપી સફળતા માત્ર હનુમાનજી ની કૃપાથી પ્રાપ્ત થયેલી તેવી તેમની માન્યતા હતી. આઉપરાંત"ફેસબુક"ના સંસ્થાપક માર્ક ઝકરબર્ગે હનુમાનજીનાં દર્શન કરીને દુનિયામાં ફેસબુક નો ડંકો વગાડ્યો.

*ભારત માં સૌથી ઊંચી પ્રતિમાઃ-

વીર અભય અંજનીય હનુમાનજી ની પ્રતિમા છે

૨૦૦૩માં નિર્માણ પામેલી હૈદરાબાદ નજીક ક્રિષ્ના જિલ્લાના એક નાના ગામમાં પ્રતિમા આવેલી છે.આવિશ્વ પ્રસિદ્ધ પ્રતિમાની ઊંચાઈ ૧૩૫ ફૂટ અર્થાત્ ૪૧ મીટર છે.

ગુજરાતની સૌથી વધુ ૧૦૮ ફુટની ઊંચાઈ ધરાવતી ખોખરા હનુમાનજી ની પ્રતિમા મોરબીના બેલા ગામ હરિહર ધામ માં નિર્માણ પામેલ છે.

હાલમાં બોટાદ પાસે સાળંગપુર ધામમાં ૫૪ ફૂટ કષ્ટ ભંજન હનુમાનજીની વિરાટકાય મૂર્તિ બિરાજમાન છે..આમ ૭ કી.મી. દૂરથી પણ ભકતો કષ્ટ ભંજન દાદા ના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

મારા લેખની પૂર્ણાહુતિ સંકટ મોચન હનુમાનજી ચાલીસા થી કરું છું.

"બુદ્ધિહીન તનુ જાનિ કે
સુમિરો પવન કુમાર ।
બલ બુદ્ધિ બિદ્યા દેહુ મોહિ
હરહુ કલેસ બિકાર ॥ "

# હરિધામ સોખડા સંસ્થામાં શ્રીરામ પ્રાગટ્ય પર્વ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્ય પર્વ ઉજવાશે




Ram Navami તેમજ Swaminarayan Jayantiના પાવન અવસરે ભગવાન શ્રીરામ પ્રાગટ્ય પર્વ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્ય પર્વની ભવ્ય અને ભાવભીની ઉજવણી આવનાર રવિવાર, તા. 29 માર્ચ 2026ના રોજ આયોજિત કરવામાં આવી છે. આ પવિત્ર દ્વિ-ઉત્સવ હિંદુ ધર્મમાં વિશેષ મહત્વ ધરાવે છે અને ભક્તિ, શ્રદ્ધા તથા આધ્યાત્મિક ઊર્જાનું અનોખું પ્રતિક માનવામાં આવે છે.

આ પ્રસંગે Haridham Sokhada - Akshar Purushottam Swaminarayan Sanstha દ્વારા સાંજે 5:00 વાગ્યાથી વિશેષ સત્સંગ સભા, ભજન-કીર્તન, ધૂન, ભગવાનના પ્રાગટ્ય પ્રસંગની સ્મૃતિમાં ધાર્મિક કાર્યક્રમો તથા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવનપ્રસંગોનું સ્મરણ કરી હરિભક્તોને આધ્યાત્મિક પ્રેરણા આપવામાં આવશે.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સર્વે ઉપસ્થિત હરિભક્તો માટે મહાપ્રસાદની સુવિધા પણ રાખવામાં આવી છે, જેથી સૌ સાથે મળીને ભક્તિભાવપૂર્વક આ પવિત્ર દિવસની ઉજવણી કરી શકે.

આ શુભ અવસરે સંસ્થાના આગેવાનો દ્વારા તમામ હરિભક્તો, સત્સંગીજનો તેમજ વિસ્તારના ભારતીય સમાજના સભ્યોને સહપરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુમાં વધુ સંખ્યામાં હાજરી આપી આ પવિત્ર ઉજવણીને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સ્થળ: 80 Brydon Dr, Etobicoke, ON M9W 4N6, Haridham Sokhada - Akshar Purushottam Swaminarayan Sanstha




ખેતી - NAની જમીન

Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad

ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો

AGRICULTURE & NA LAND

BUY - SELL - RENT

99257 68291


તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025 -26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસકવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ


|| Swami Shreeji ||
HariPrabodham Canada Cordially Invites
શ્રીરામનવમી
Shree Ramnavmi
&
શ્રીહરિ જયંતી
Shree Hari Jayanti
Please join us with your family and friends to celebrate
the auspicious occasion of
Shree Ramnavmi & Shree Hari Jayanti,
which includes a unique cultural program.
Saturday March 28, 2026 at 4:30 PM
Followed by Aarti and Prasad
Please join us at:
Yogi Divine Society Canada
Hindu Swaminarayan Mandir and Cultural Centre
6875 Professional Ct, Mississauga ON L4V 1Y3
(905) 678-1166